RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 120* Date: 26.02.2021 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વેપારીઓ દેશભરમાં ૧૫૦૦ જગ્યાએ ધરણાં-વિરોધ પ્રદર્શન કરશે

# GSTના વિરોધમાં આજે વેપારીઓનું ભારત બંધનું એલાન





### સીએઆઇટીના ભારત બંધમાં ૮ કરોડ વેપારીઓ જોડાશે, બજારો બંધ રાખી કરશે ચક્કાજામ, સવારે ૬ થી સાંજના ૮ વાગ્યાની વચ્ચે ટ્રાન્સપોર્ટ પ્રતિબંધિત,જીએસટીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે ટેક્સ સ્લેબની માંગ કરાઇ

*ન્યુ દિલ્હી,તા.૨૫*

૨૬ જાન્યુઆરીએ જીએસટીના વિરોધમાં સમગ્ર ભારતમાં બજારો બંધ રહેશે. વેપારી સંગઠન સીએઆઈટીએ ગુરુવારે જણાવ્યુ કે વસ્તુ તેમજ સેવા કર(જીએસટી) વ્યવસ્થાની જોગવાઈની સમીક્ષાની માંગ હેઠળ દેશભરના બધા વાણિજ્યિક બજાર ૨૬ ફેબ્રુઆરીએ બંધ રહેશે. કન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સએ કહ્યુ કે કેન્દ્ર(રાજ્ય) અને જીએસટી પરિષદે જીએસટીની વિધિવત જોગવાઈને યથાવત રાખવાની માંગ કરીને ૧૫૦૦ જગ્યાઓએ દેશભરમાં ધરણા(વિરોધ પ્રદર્શન) કરવામાં આવશે. સીએઆઈટીએ જીએસટી પ્રણાસીની સમીક્ષા અને વેપારીઓ દ્વારા સરળ અનુપાલન માટે તેને સરળ અને તર્કસંગત બનાવવા માટે તેના ટેક્સ સ્લેબની પણ માંગ કરી.

એક પ્રેસ કૉન્ફરન્સને સંબોધિત કરીને સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે કહ્યુ કે આ મુદ્દે સરકાર સાથે પણ વાત કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે અખિલ ભારતીય ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન પણ સીએઆઈટીના ભારત બંધનુ સમર્થન કરશે અને ૨૬ ફેબ્રુઆરીએ ચક્કાજામ આયોજિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે દેશભરમાં બધા વાણિજ્યિક બજારો બંધ રહેશે અને બધા રાજ્યોના વિવિધ શહેરોમાં ધરણા પ્રદર્શન આયોજિત કરવામાં આવશે.

ખંડેલવાલે વધુમાં ઉમેર્યુ કે સીએઆઈટી સાથે સાથે દેશભરમાં ૪૦,૦૦૦થી વધુ વેપારીઓના સંગઠન બંધનુ સમર્થન કરશે. તેમણે જોયુ કે સ્વૈચ્છિક અનુપાલ એક સફળ જીએસટી શાસનની કુંજી છે કારણકે વધુ લોકોને અપ્રત્યક્ષ કર પ્રણાલીમાં શામેલ થવા, કર આધાર વધારવા અને મહેસૂલ વધારવા માટે પ્રોત્સાહિત કરશે. ખંડેલવાલે કહ્યુ કે છેલ્લા ચાર વર્ષોમાં જીએસટી નિયમોમાં અત્યાર સુધી લગભગ ૯૫૦ સુધારા કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે જીએસટી પોર્ટલમાં સતત ટેકનિકલ ગરબડ અને અનુપાલન દબાણ આ સિસ્ટની ખામીઓમાં શામેલ છે.

દેશના ટ્રાન્સપોર્ટ સેક્ટર ઉપરાંત મોટી સંખ્યામાં અનેક રાષ્ટ્રીય વ્યાપારીક સંગઠનોએ પણ વ્યાપાર બંધનું સમર્થન કર્યુ છે. જેનાથી ખાસ રીતે ઓલ ઈન્ડિયા એફએમસીજી ડિસ્ટ્રિબ્યૂટર્જ ફેડરેશન, ફેડરેશન ઓફ અલૂમિનિયીયમ યૂટેન્સિલસ મેન્યૂફૈક્ચરરસ એન્ડ ટ્રેડર્સ અસોસિએશન, નોર્થ ઈન્ડિયા સ્પાઈસિસ ટ્રેડર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા વુમન એન્ટરપ્રિનિયર્સ અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોમ્પ્યુટર ડીલર અસોસિએશન, ઓલ ઈન્ડિયા કોસ્મેટિક મેન્યુફક્ચર્સ અસોશિયેશન વગેરે સામેલ છે.

### વડાપ્રધાન મોદીએ પુડુચેરીમાં વિપક્ષ પર પ્રહારો કર્યા

# રાહુલ ગાંધીએ જુઠ્ઠુ બોલવામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે: મોદી

### રાહુલ ગાંધીનું મત્સ્યપાલન મંત્રાલય બનાવવાનું નિવેદન સાંભળી સ્તબ્ધ થઇ ગયો હતો

*પોંડિચેરી,તા.૨૫*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પુડુચેરીની મુલાકાત દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર બરાબરના વરસી પડ્યાં હતાં. તેમણે રાહુલ ગાંધી પર જુઠ્ઠાણામાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હોવાનો ટોણોં મારી મત્સપાલન મંત્રાલયને લઈને જોરદાર ઝાટકણી કાઢી હતી.

પીએમ મોદીએ રાહુલ ગાંધીના 'મત્સ્યપાલન મંત્રાલય'બનાવવાના નિવેદનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેમનું નિવેદન સાંભળીને હું સ્તબ્ધ રહી ગયો હતો. કોંગ્રેસ પાર્ટી જૂઠ્ઠાણાના સહારે જ ચાલે છે. નોંધનીય છે કે, રાહુલ ગાંધીએ થોડા દિવસના અંતરમાં બે વાર મત્સ્યપાલન મંત્રાલયને લઈ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું, ત્યારબાદ બીજેપીએ વળતા હુમલાઓ કરવાનુ શરુ કરી દીધું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પુડુચેરી પહોંચ્યા હતાં. કેન્દ્રશાસિત પ્રદેશ એવા પુડુચેરીમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સની શરૂઆત કરતા પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, હકીકત એ છે કે એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯માં જ મત્સ્યપાલન માટે મંત્રાલયની રચના કરી હતી. મત્ય્સપાલન માટે ફાળવેલું બજેટ માત્ર બે વર્ષમાં ૮૦ ટકાથી વધુ થઈ ગયું છે. તેમણે રાહુલ ગાંધીના ઉત્તર-દક્ષિણવાળા નિવેદનનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું કહ્યું કે, કોંગ્રેસની ભાગલા પાડો, ખોટું બોલો અને રાજ કરોની નીતિ છે. તેઓ ખોટું બોલવામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતા છે.

જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ બીજાને લોકતંત્ર વિરોધી કહેવાની કોઈ તક છોડતી નથી. પણે તેણે પોતે અરીસામાં જોવાની જરૂર છે. તેમણે દરેક પ્રકારે લોકતંત્રનું અપમાન કર્યુ. પુડુચેરીમાં તેમણે પંચાયતની ચૂંટણી કરાવવાનો પણ ઈનકાર કરી દીધો. કોંગ્રેસની ભાગલા પાડો, ખોટુ બોલો અને રાજ કરોની નીતિ છે. તેઓ ખોટું બોલવામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતા છે.



પીએમ મોદીએ પોતાના ભાષણમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની 'મત્સ્યપાલન મંત્રાલય બનાવીશું' વાળી ટિપ્પણીનો પણ ઉલ્લેખ કર્યો અને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ નેતા અહીં આવીને કહે છે કે અમે માછીમારો માટે મત્સ્યપાલન મંત્રાલય બનાવીશું, હું ચોંકી ગયો. હકીકતમાં અમારી એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯માં જ માછીમારો માટે મંત્રાલય બનાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ પુડ્ડુચેરીમાં ચાર લેનના NH 45નો શિલાન્યાસ કર્યો હતો. આ હાઈવે ૫૬ કિલોમીટરનો સત્તાનાથ પુરમથી નાગપટ્ટિનમ સુધી છે. આ ઉપરાંત પીએમ મોદીએ જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચમાં બ્લડ સેન્ટર અને ૧૦૦ બેડ ગર્લ્સ હોસ્ટેલનું ઉદ્ઘાટન કર્યું હતું. ભારતીય ખેલ ઓથોરિટીના તત્વાવધાનમાં લગભગ ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે તેને મહિલા એથલિટો માટે બનાવવામાં આવી છે જ્યારે બ્લડ સેન્ટર ૨૮ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સ ઉપરાંત પીએમ મોદીએ ઈન્દિરા ગાંધી ખેલ પરિસરમાં સિન્થેટિક એથલેટિક ટ્રેકનો પણ શિલાન્યાસ કર્યો હતો.

### છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોવિડ ૧૯ના ૮ હજારથી વધુ કેસ નોંધાયા

# મહારાષ્ટ્રના વાશિમ જિલ્લામાં હોસ્ટેલમાં ૨૨૯ વિદ્યાર્થીઓ સંક્રમિત થતા હડકંપ

*પૂણે,તા.૨૫*

મહારાષ્ટ્રમાં કોરોનાનો કહેર ફરી એકવાર વધ્યો છે. છેલ્લા બે જ દિવસમાં કોરોનાના કેસમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. ગત ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૮૮૦૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. સાથે જ ૮૦ લોકોના મોત થયાં છે. આ પહેલા મંગળવારે મહારાષ્ટ્રમાં ૬૨૧૮ કેસ નોંધાયા હતા અને ૫૧ના મોત થયાં હતા.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના વધી રહેલા કેસ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં વાશીમ જિલ્લામાં બુધવારે નવા ૩૧૮ દર્દીઓ સામે આવ્યા છે. મહત્વની વાત એ છે કે, આ નવા દર્દીઓમાં ૧૯૦ તો માત્ર વિદ્યાર્થીઓ જ છે. વાશિમ જિલ્લાના રિસોડ તાલુકાના દેવાંગ સ્થિત એક સ્કૂલના હોસ્ટેલમાં ૧૯૦ વિદ્યાર્થીઓનો રિપોર્ટ પોઝિટીવ આવતા ખળભળાટ મચ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોનાનો બીજો ફેઝ ધીરે-ધીરે પ્રચંડ થઈ રહ્યો છે. રાજ્યમાં ગત ૨૪ કલાકમાં ૮,૮૦૭ નવા દર્દીઓ છે. અહીં ૧૮ ઓક્ટોબર બાદ સૌથી વધુ આંકડા છે. રાજ્યમાં ગત ૨૪ કલાકમાં ૮૦ દર્દીના મોત થયા છે. જે ગત ૫૬ દિવસમાં સૌથી વધુ છે. આ પહેલા ૩૦ ડિસેમ્બરના રોજ ૯૦ સંક્રમિતોના મોત થયા હતા.

રિસોડ તાલુકાના ગ્રામ દેવાંગ સ્થિત રહેવાસી આશ્રમ શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષણ ઉપરાંત અહિં આવેલી હૉસ્ટેલમાં રહે છે. બુધવારે આ હોસ્ટેલના ૧૯૦ છાત્રોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. હોસ્ટેલમાં રહેલા તમામ વિદ્યાર્થીઓ અમરાવતી જિલ્લાના જુદા જુદા વિસ્તારમાંથી આવે છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી લહેરની શરૂઆત અમરાવતીથી થઈ છે.

મુંબઈની ધારાવીમાં ફરી એકવાર કોરોના વાયરસે દેખા દીધા છે. ધારાવીમાં ડબલ ડિજીટમાં કેસ નોંધાતા તંત્ર સાબદુ બન્યું છે. ગઈ કાલે ધારાવીમાં ૧૦ પોઝિટિવ કેસ સામે આવ્યા હતાં. આ સાથે જ ધારાવીમાં કુલ કેસોની સંખ્યા ૪૦૪૧ થઈ છે જેમાંથી ૩૩ એક્ટિવ કેસનો સમાવેશ થાય છે.

કોરોના કહેર ફરી વધતા રાજ્ય સરકાર તેમજ મુંબઈ પોલીસે લોકોને કોરોના પ્રોટોકોલ અને પ્રતિબંધોનું પાલન કરવા કડક આદેશ આપ્યા છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કોરોના નિયમોનો ઉલ્લેખ કરીને કહ્યું કે, નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરાશે. સીએમએ અધિકારીઓ તેમજ પોલીસ પાસેથી રિપોર્ટ પણ મંગાવ્યો છે.

# મોદી-શાહ તો એક સમયે દેશનું પણ નામ બદલી નાખશે: મમતા બેનર્જી

*કોલકાત્તા,તા.૨૫*

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવનો અનોખી રીતે વિરોધ કર્યો છે. મમતા બેનરજી ગુરુવારે કારના કાફલામાં નિકળવાને બદલે ઈલેક્ટ્રિક સ્કૂટર પર મુખ્યમંત્રી કાર્યાલય પહોંચ્યા હતા. તેમનું સ્કૂટર મંત્રી ફિરહાદ હકીમ ચલાવી રહ્યા હતા અને સીએમ મમતા બેનરજી પાછળની સીટ પર બેઠા હતા. મમતા બેનરજીએ ઈ સ્કૂટર પર સીએમ કાર્યલાય જઈ રહ્યા હોવાનો એક વીડિયો પણ ટ્વિટર પર પોસ્ટ કર્યો હતો. મમતા બેનરજી સ્કૂટરની પાછળની સીટ પર હેલ્મેટ પહેરીને બેઠા હતા અને તેઓએ મોંઢા પર માસ્ક પણ પહેર્યું હતું. મમતાએ પોતાના ગાળામાં એક મોટું પ્લેકાર્ડ લગાવી રાખ્યું હતું જેમાં અંગ્રેજીમાં લખ્યું હતું, 'તમારા મોઢામાં શું છે? પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો, ડિઝલનો ભાવ વધારો અને ગેસનો ભાવ વધારો.'

નબન્ના પહોંચતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે, નોટબંધી, પેટ્રોલ-ડીઝલ અને કોલસાની કિંમતમાં થઈ રહેલા વધારાના કારણે દેશ આજે બેકફૂટ પર ચાલ્યો ગયો છે. આમ થવા પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જવાબદાર છે. તેઓ નેતાજી અન સરદાર વલ્લભભાઈ પટેલના નામે બની રહેલા સ્ટેડિયમના નામો જ બદલી રહ્યાં છે જે ખુબ જ દુઃખદ છે. મોદી-શાહ તો એક સમયે દેશનું પણ નામ બદલી નાખશે.

મમતા બેનરજીએ પ્રહારો યથાવત રાખતા કહ્યું હતું કે, તે (ભાજપ) દરરોજ રસોઈ ગેસ અને ડીઝલના ભાવ વધારી રહ્યાં છે, જે ચિંતાનો વિષય છે. હવે કેન્દ્ર જ્યાં સુધી ચૂંટણી યોજાશે ત્યાં સુધી ભાવ ઘટાડશે. ચૂંટણી પુરી થયા બાદ તેના ભાવમાં ફરી વધારો કરવામાં આવશે.

મમતા બેનરજી સ્ટૂકર પર સીએમ કાર્યલાયે પહોંચ્યા તેનો સમગ્ર વીડિયો સોશિયલ મીડિયા પર લાઈવ પ્રસારિત કરાયો હતો. તેમણે વધી રહેલી ઈંધણની કિંમતોનો વિરોધ કરવા આ અનોખો રસ્તો અપનાવ્યો હતો. ચાલુ વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને આ મહિને પેટ્રોલના ભાવ રૂ.૧૦૦ પ્રતિ લિટરને પાર પહોંચી ગયો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૪૨૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૮૫૭૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૦૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૬૨૧૭૨**

# મોંઘવારીનો ડબલ ડોઝ: એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો

*ન્યુ દિલ્હી,તા.૨૫*

સરકારી તેલ કંપનીઓએ સામાન્ય માણસને વધુ એક ઝટકો આપ્યો છે. તેલ કંપનીઓએ ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધુ એકવાર વધારો કર્યો છે. જે બાદ સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરની કિંમત ૭૬૯ રૂપિયાથી વધીને ૭૯૪ રૂપિયા થઈ ગઈ છે. વધારેલા ભાવ આજે ૨૫ ફેબ્રુઆરીથી લાગુ થઈ જશે. તમને જણાવી દઈએ કે આ મહિને ગેસ સિલિન્ડરની કિંમતોમાં આ ત્રીજીવાર વધારો કરવામાં આવ્યો છે. સબસિડી વગરના ગેસ સિલિન્ડરમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ફેબ્રુઆરી મહિનામાં ત્રીજીવાર ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે ૪ ફેબ્રઆરીએ એલપીજીના ભાવમાં ૨૫નો વધારો કર્યો હતો. ત્યાર બાદ ૧૫ ફેબ્રુઆરીના ફરીવાર એલપીજીના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને હવે આજે ફરીવાર ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

એક ડિસેમ્બરે ગેસ સિલિન્ડરનો ભાવ ૫૯૪ રૂપિયાથી વધીને ૬૪૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૧ ફેબ્રુઆરીએ ફરીથી ૫૦ રૂપિયાનો વધારો કરવામા આવ્યો હતો. જે બાદ ૬૪૪નો સિલિન્ડર ૬૯૪ રૂપિયા પર પહોંચી ગયો હતો. ૪ ફેબ્રુઆરીના રોજ કરવામા આવેલા વધારાને કારણે તેની કિંમત ૬૪૪થી વધીને ૭૧૯ રૂપિયા થઈ ગઈ હતી. ૧૫ ફેબ્રુઆરીના રોજ ૭૧૯ રૂપિયાથી વધીને ૭૬૯ રૂપિયા થઈ ગઈ હતી અને ૨૫ ફેબ્રુઆરીના રોજ ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવતા તેની કિંમત ૭૬૯થી વધીને ૭૯૪ રૂપિયા પર પહોંચી ગઈ છે.

જાન્યુઆરીમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજીની કિંમતમાં કોઈ ફેરફાર નહોતો કર્યો. જોકે ડિસેમ્બરમાં બે વખત ૫૦-૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. બજેટના દિવસે એટલે કે ૧ ફેબ્રુઆરીએ સબસિડી વગરના ૧૪.૨ કિલોગ્રામનાં ગેસ-સિલિન્ડરની કિંમતમાં વધારો નહોતો થયો, પરંતુ ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૧૯૧ રૂપિયાનો વધારો થયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ફેબ્રુઆરી વલણના અંતે શેરબજારની રેન્જ બાઉન્ડ મુવમેન્ટ!!

**સેન્સેક્સ :- ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૫૦૭૮૧.૬૯ સામે ૫૧૨૦૭.૬૧ પોઈન્ટના મથાળેથી ખુલીને ૫૦૯૯૧.૭૬ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૩૯૪.૩૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૨૫૭.૬૨ પોઈન્ટના ઉછાળા સાથે ૫૧૦૩૯.૩૧ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!**

**નિફ્ટી ફ્યુચર :- ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૧૪૯૯૩.૭૫ સામે ૧૫૦૭૮.૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૧૫૦૫૦.૩૫ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૧૩૦.૫૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૧૦૫.૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૧૫૦૯૯.૩૦ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!**

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો**

**સપ્તાહના ચોથા દિવસે ભારતીય શેરબજાર ઉછાળા સાથે ખુલ્યું હતું. કોરોનાના વધતા કેસોમાં સામાન્ય ઘટાડો થતાં ભારતીય શેરબજારમાં ફરી ઉછાળો જોવા મળી રહ્યો છે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સમાં ફેબ્રુઆરી વલણના અંત પૂર્વે સપ્તાહની શરૂઆતમાં તેજીનો વેપાર હળવો સાથે નોંધપાત્ર ઘટાડા બાદ નવી લેવાલી નોંધાતા ભારતીય શેરબજાર રેકોર્ડ ઊંચાઈની નજીક જોવા મળ્યું હતું. શેરબજારના ઈતિહાસમાં અને ડેરિવેટીવ્ઝમાં વોલ્યુમની રીતે વિશ્વના સૌથી મોટા એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જમાં ગઇકાલે ટેકનીકલ ખામીના કારણે સૌથી લાંબો સમય એટલે કે ચાર કલાક જેટલો સમય ટ્રેડીંગ બંધ રાખવાની ફરજ પડી હતી. આ ટ્રેડીંગ દિવસમાં ઐતિહાસિક અફડા તફડી જોવા મળી હતી. છેલ્લા દોઢ કલાકના લંબાવાયેલા સમયમાં બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આક્રમક ખરીદીના પગલે તોફાની તેજી જોવા મળી હતી. અર્થતંત્રની દિશા હજુ પણ કોરાના વાયરસની સ્થિતિ પર જ આધાર રાખી રહી છે. ભારતીય અર્થતંત્રને ફરી આર્થિક વિકાસની પટરી પર લાવવા મોદી સરકાર દ્વારા થઈ રહેલા સરાહનીય પ્રયાસોથી આગામી દિવસોમાં ભારતમાં વૃદ્ધિની મોટી તકો જોઈ રહેલા ફોરેન ફંડો – ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો શેરોમાં અવિરત મોટાપાયે ખરીદદાર બન્યા છે, પરંતુ આર્થિક મોરચે હજુ અનેક પડકારો હોવાથી અને કોરોના સંક્રમણના નવા વેવમાં પરિસ્થિતિ કથળવાના સંજોગોમાં પ્રોફિટ બુકિંગની સંભાવના પણ જોવાઈ રહી છે ત્યારે આગામી દિવસોમાં એફપીઆઈ કેવો અભિગમ અપનાવે છે તે પણ જોવાનું રસપ્રદ બની રહેશે. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૦૯% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૪૨% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર એફએમસીજી અને કેપિટલ ગુડ્સ શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૩૧૨૮ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૭૧ અને વધનારની સંખ્યા ૧૭૮૨ રહી હતી, ૧૭૫ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨૨૭ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૩૪૪ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી. બજારની ભાવિ દિશાપ. મિત્રો, વૈશ્વિક સ્તરે નવા કોરોના વાઇરસને કારણે લોકડાઉન વધી રહ્યા છે જે હવે સ્થાનિક સ્તરે પહોંચ્યું છે. ભારતમાં ફરી કોરોનાના નવા સ્વરૂપના સંક્રમણ ચિંતાજનક વધી રહ્યાના આવી રહેલા આંકડાએ ચિંતા વધારી છે તો ફરી ઘણા રાજ્યોમાં લોકડાઉનની સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી લોકડાઉનની ભીતિ ઊભી થતાં અને આગામી દિવસોમાં મહારાષ્ટ્ર જેવા ઓદ્યોગિક રાજ્યમાં ફરીથી લોકડાઉનની સ્થિતિ નિર્માણ થશે તો આર્થિક ગ્રોથને અસર થઈ શકે છે અને વધુ રાહતના પગલાં લેવા માટે સરકાર પર નવો બોજો વધારી શકે છે અને આર્થિક રિકવરી પર સ્વાભાવિક દબાણ જોવાશે. ભારતીય શેરબજાર હાલ ઉંચા વેલ્યુએશન પર ટ્રેડ થઈ રહ્યું છે. વિશ્વ સહિત ભારતમાં કોરોનાના કેસમાં વધારો અને ફરી લોકડાઉનના કિસ્સામાં વધારો થશે તો તેની અસર ભારતીય શેરબજાર પર જોવા મળશે તેવી શક્યતા જોવાઈ રહી છે.**

# પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ સોનાર બાંગ્લા મિશન લોન્ચ કર્યું



કોલકાત્તા,તા.૨૫

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીની તારીખો નજીક આવી રહી છે તેની સાથે જ સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભાજપ વચ્ચેનો તણાવ વધી રહ્યો છે. આ બધા વચ્ચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ગુરૂવારે કોલકાતામાં લોક્ખો સોનાર બાંગ્લાનો શુભારંભ કરાવ્યો હતો. ત્યાર બાદ તેમણે સોનાર બાંગ્લા બનાવવા રાજ્યના બે કરોડ લોકોના સૂચનો મંગાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આ માટે રાજ્યમાં ૩૦,૦૦૦ સૂચન પેટી લગાવવામાં આવશે.

જેપી નડ્ડાએ કહ્યું કે, સરકાર રચાશે તો બંગાળમાં આયુષ્માન ભારત યોજના અને પીએમ કિસાન સન્માન નિધિ લાગુ કરવામાં આવશે. તે સિવાય રાજ્યને ભ્રષ્ટાચાર મુક્ત પણ બનાવવામાં આવશે. બીજી બાજુ કોલકાતા પોલીસે ભાજપની પરિવર્તન યાત્રાને મંજૂરી આપવા મનાઈ કરી દીધી હતી. ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જીના ઈશારે મંજૂરી ન અપાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો અને તેના વિરૂદ્ધ પાર્ટી કોર્ટના દરવાજા ખખડાવશે તેવો દાવો કર્યો હતો. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કોલકાતામાં 'લોક્ખો સોનાર બાંગ્લા (મેનિફિસ્ટો) ક્રાઉડસોર્સિંગ અભિયાન'ની શરૂઆત કરી હતી. તે નિમિત્તે રાજ્ય ભાજપના પ્રમુખ દિલીપ ઘોષ અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમારો પાડોશી દેશ સમગ્ર દુનિયામાં આતંકવાદને પ્રોત્સાહન આપે છેઃ ભારત

યુએન,તા.૨૫

ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એકવાર ફરી પાકિસ્તાનને આતંકવાદનો સમર્થક દેશ ગણાવ્યો છે. અહીં ભારતે ડેપ્યુટી પર્મનન્ટ રિપ્રેઝન્ટેટિવ નાગરાજ નાયડુએ પાકિસ્તાનનું નામ તો નથી લીધું, પરંતુ સ્પષ્ટ કહી દીધું છે કે અમારો એક પડોશી દેશ માત્ર ભારતમાં નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં આતંકવાદને મદદ કરી રહ્યો છે. ભારતીય પ્રતિનિધિઓએ એવું પણ કહ્યું છે કે આતંકવાદને પડોશી દેશની સરકારનું સમર્થન પણ મળેલું છે.સિક્યોરિટી કાઉન્સિલની મીટિંગમાં નાગરાજે કહ્યું- ભારત ઘણા દશકાઓથી પ્રોક્સી વૉર અને ક્રોસ બોર્ડર ટેરરિઝમનો સામનો કરી રહ્યું છે. ત્યાંની સરકાર આતંકવાદને જાહેરમાં સમર્થન કરે છે અને મદદ કરે છે. આ આંતકીઓના ટ્રેનિંગ, ફન્ડિંગ, ખાનગી માહિતી અને હથિયાર આપવામાં આવે છે, જેથી તેઓ તે અમારા દેશમાં ફેલાવી શકે.નાયડુએ પાકિસ્તાનનું નામ લીધા વગર કહ્યું હતું કે અમુક દેશોએ ભારત સામે પ્રોક્સી વૉર શરૂ કરી દીધું છે. આ દેશ આતંકવાદી જૂથોને દરેક પ્રકારની મદદ અને પૈસા આપે છે.

### બંન્ને દેશનું સૈન્ય તમામ સમજૂતીઓ-યુદ્ધવિરામનું પાલન કરવા સંમત

# સરહદે શાંતિ જાળવવા ભારત-પાક ડીજીએમઓ વચ્ચે હોટલાઈન મંત્રણા

ન્યુ દિલ્હી,તા.૨૫

પૂર્વી લદ્દાખમાં એલએસી પર ચીને બોર્ડર પરથી બંને દેશોની સેનાઓએ પાછળ હટવાનું શરૂ કરી દીધું છે ત્યાં પાકિસ્તાન પણ ઢીલુ પડી ગયું છે. પાકિસ્તાને સામે ચાલીને ભારતને શાંતિની અપીલ કરી છે. ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ્સ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે હોટલાઈન પર વાતચીત થઈ હતી. બંને દેશોની સેનાના ડીજીએમઓએ એક સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું હતું.

સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, બંને દેશોએ તમામ સંધિઓ, સમજુતિઓ અને સંઘર્ષ વિરામ સહિતના નિયમોનું પાલન કરવા પર સહમતિ સધાઈ છે. આ સહમતિ ૨૪-૧૫ ફેબ્રુઆરીની મધ્ય રાત્રીથી જ અમલી બની ગઈ હતી. બંને દેશો વચ્ચે એ વાતને લઈને પણ સહમતિ સધાઈ હતી કે, જો કોઈ ગેરસમજ ઉભી થાય તો પહેલાથી જ રહેલી હોટલાઈન દ્વારા સંપર્ક કરવો અને બોર્ડર ફ્લેગ મિટિંગ્સની સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

બંને દેશોના ડીજીએમઓએ સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે, નિયંત્રણ રેખા અને બાકીના તમામ સેક્ટર પર સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ વાતચીત એકદમ સકારાત્મક વાતાવરણમાં થઈ હતી. બેઠકમાં બંને દેશો વચ્ચે એ પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે, બંને દેશો એ મુદ્દા અને ચિંતાઓ પર કાર્યવાહી કરશે જેના કારણે શાંતિ ભંગ થાય છે અને હિંસા થાય છે. આ વાતચીત સરહદો પર સતત શાંતિ જાળવવાની દિશામાં ભરવામાં આવેલુ એક પગલુ છે.

### અગાઉ મૂડીઝે વિકાદર ૧૦.૮ ટકા દર્શાવ્યો હતો

# મૂડીઝને ભારત પર વિશ્વાસઃ આર્થિક વિકાસદરનો અંદાજ વધારી ૧૩.૭ ટકા કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૫

વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે ભારતીય અર્થવ્યવસ્થા પ્રત્યે આશાવાદ દર્શાવ્યો છે. મૂડીઝે આગામી નાણાકીય વર્ષ માટે ભારતના આર્થિક વિકાસદરનો અંદાજ વધારીને ૧૩.૭ ટકા કર્યો છે જે અગાઉ ૧૦.૮ ટકા હતો. આર્થિક ગતિવિધિઓ સામાન્ય થવાથી તેમજ કોરોના રસીકરણ અભિયાન શરૂ થયા બાદ માર્કેટમાં વધી રહેલા વિશ્વાસને જોતા મૂડીઝે અપગ્રેડેશન કર્યુ છે. રેટિંગ એજન્સીએ આ ઉપરાંત ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થામાં થનાર સંકોચનના અંદાજને પણ પોતાના અગાઉના ૧૦.૬ ટકા ટકાથી સુધારીને ૭ ટકા કર્યો છે. એટલે કે ચાલુ નાણાકીય વર્ષે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસદરમાં ૭ ટકાનું સંકોચન થવાની ધારણા છે. મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસના સહાયક એમડી જેને ફેંગે કહ્યુ કે, અમારો વર્તમાન અંદાજ એ છે કે પ્રવર્તમાન માર્ચ ૨૦૨૧માં સમાપ્ત થનાર ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થામાં ૭ ટકાનું સંકોચન આવશે. અમે આર્થિક ગતિવિધિઓ સામાન્ય થતા અને આધારભૂત અસરોને ધ્યાનમાં રાખતા આગામી નાણાંકીય વર્ષે અર્થવ્યવસ્થામા ૧૩.૭ ટકાની વૃદ્ધિની અપેક્ષા રાખીયે છીએ. તે ઉપરાંત અન્ય રેટિંગ એજન્સી ઈકરાના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતી નાયરે કહ્યુ કે, ચાલુ નાંણાકીય વર્ષે ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૦ના ત્રીજા ક્વાર્ટરમા આર્થિક વિકાસદર ૦.૩ ટકા રહેવાની અપેક્ષા છે. તો ઈકરાનું માનવુ છે કે ભારતીય અર્થવ્યવસ્થા ચાલુ નાણાકીય વર્ષમાં સાત ટકા નીચે રહેશે જયારે આગામી નાણાકીય વર્ષમાં ૧૦.૫ ટકાની વૃદ્ધિ જોવા મળશે.

# સંજય લીલા ભણશાલીના જન્મદિવસ પર 'ગંગુબાઈ કાઠિયાવાડી'નું ટીઝર કરાયું રિલીઝ

મુંબઈ,તા.૨૫

આલિયા ભટ્ટને ગંગુબાઈ કાઠિયાવાડીની ભૂમિકામાં જોઈ તેના ચાહકો ઉત્સાહિત છે. આજે બુધવારે ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી' નું ટીઝર રિલીઝ થયું છે. ૨૪ ફેબ્રુઆરી એ ફિલ્મના નિર્માતા સંજય લીલા ભણશાલીનો જન્મદિવસ હોવાથી આજે પસંદ કરવામાં આવ્યો હતો. આ વિશેષ પ્રસંગે ફિલ્મની પહેલી ઝલક ટીઝર બહાર પાડીને બતાવવામાં આવી છે. આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર ગંગુબાઈ કાઠિયાવાડીનું ટીઝર શેર કર્યું છે. ટીઝર શેર કરતી વખતે તેણે લખ્યું – હેપી બર્થડે સર. મને લાગે છે કે આના કરતા બીજો કોઈ રસ્તો નહીં હશે તમારો જન્મદિવસ ઉજવવાનો. મારા આત્મા અને હૃદયનો એક ભાગ શેર કરી રહી છું, મળો ગંગુને. ટીઝર વિશે વાત કરવામાં આવે તો, તમારી આલિયા પર નજર નહીં હટે. તેનો બોલવાનો અંદાજ ખૂબ જ આશ્ચર્યજનક છે. આ ૧ મિનિટ ૩૧ સેકંડનું ટીઝર આલિયા ભટ્ટના અવાજ સાથે શરૂ થાય છે.

જ્યારે આલિયાની એન્ટ્રી થાય છે ત્યારે તે કહે છે કે ગંગુ ચાંદ હતી અને ચાંદ રહેશે. તેણી કહે છે કે કોઈએ પણ ગૌરવ સાથે જીવવાથી ડરવાનું નથી, ન તો પોલીસ તરફથી, ન તો ધારાસભ્યથી, ન કોઈ મંત્રીથી અથવા કોઈના પણ બાપથી.આલિયા ટીઝરમાં એકથી વધુ ડાયલોગ બોલી રહી છે. આલિયા ભટ્ટ પહેલીવાર સ્ક્રીન પર એકદમ અલગ અવતારમાં જોવા મળશે. આ પ્રકારનું પાત્ર તેણે પહેલાં ક્યારેય ભજવ્યું નથી. ટીઝર પહેલાં ફિલ્મનું પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું હતું. પોસ્ટરમાં તમે આલિયા ભટ્ટ ખુરશી પર બેઠેલી જોઈ શકો છો. આલિયા ભટ્ટનો ખૂબ સિમ્પલિસ્ટિક લુક તેમાં જોવા મળી રહ્યો છે.

પોસ્ટરની સાથે ફિલ્મની રિલીઝ ડેટની પણ ઘોષણા કરવામાં આવી છે. આ ફિલ્મ ૩૦ જુલાઈ, ૨૦૨૧ના રોજ થિયેટરોમાં રિલીઝ થશે. ગંગુબાઈ કાઠિયાવાડી મુંબઈની જાણીતી નિવાસી હતી, જેને તેના પતિએ માત્ર ૫૦૦ રૂપિયામાં વેચી હતી. આ ફિલ્મમાં, ગંગુબાઈના જીવનના સંઘર્ષ બતાવવામાં આવ્યા છે કે કેવી રીતે તેણીએ નાની ઉંમરે લગ્ન કર્યા હતા અને ત્યારબાદ તેને કેવી રીતે પતિએ તેને કોઠા પર બેસાડી હતી.

ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી' પ્રખ્યાત લેખક હુસેન ઝૈદીની 'માફિયા ક્વીન્સ ઓફ મુંબઈ' પુસ્તકના એક અધ્યાય પર આધારિત છે. સંજય લીલા ભણશાલી અને આલિયા ભટ્ટ આ ફિલ્મ દ્વારા પહેલીવાર સાથે કામ કરી રહ્યા છે. આલિયા ભટ્ટ ઉપરાંત અજય દેવગન અને વિક્રાંત મેસી પણ આ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવા મળશે.

### સંપૂર્ણપણે બ્રાઝિલ દ્વારા વિકસિત કરવામાં આવેલું પ્રથમ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ

# PSLV-C51નું લોન્ચિંગ રિહર્સલ પૂર્ણ, ઈસરોએ ૨૮ ફેબ્રુઆરીએ રોકેટ લોન્ચ કરશે

બેંગ્લુરુ,તા.૨૫

ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઈસરો)એ ટ્વીટરના માધ્યમથી PSLV-C51નું લોન્ચિંગ રિહર્સલ પૂર્ણ થઈ ગયું હોવાની અને ૨૮મી ફેબ્રુઆરીએ સવારે ૧૦:૨૪ કલાકે આ રોકેટ લોન્ચ કરવામાં આવશે તેવી જાહેરાત કરી છે. PSLV-C51એ ભારતીય પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ પ્રોગ્રામનું ૫૩મું મિશન છે.

તાજેતરમાં રચાયેલા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડના પ્રથમ સમર્પિત વાણિજ્યિક મિશનમાં ઈસરો ૨૮મી ફેબ્રુઆરીએ શ્રીહરિકોટા ખાતેના સ્પેસપોર્ટ પરથી બ્રાઝિલના Amazonia-1 અને ૨૦ અન્ય ઉપગ્રહોને લોન્ચ કરશે. ઈસરોના કહેવા પ્રમાણે ઉપગ્રહોને અંતરિક્ષ એજન્સીના રોકેટ PSLV-C51 દ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ હવામાનને ધ્યાનમાં રાખીને લોન્ચ કરવામાં આવશે.

PSLV-C51એ NSILનું પ્રથમ સમર્પિત વાણિજ્યિક લોન્ચ મિશન છે. ઈસરો દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા પ્રમાણે Amazonia-1 સેટેલાઈટ આ મિશનનું પ્રાઈમરી પેલોડ હશે. તે સંપૂર્ણપણે બ્રાઝિલ દ્વારા વિકસિત કરવામાં આવેલું પ્રથમ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે. ઈસરોએ ટ્વીટમાં આ ભારત દ્વારા લોન્ચ કરવામાં આવનારો બ્રાઝિલનો પ્રથમ ઉપગ્રહ હોવાની માહિતી આપી હતી. Amazonia-1એ રાષ્ટ્રીય અંતરિક્ષ સંશોધન સંસ્થાનો ઓપ્ટિલક અર્થ ઓબ્ઝર્વેશન ઉપગ્રહ છે. આ ઉપગ્રહ એમેઝોન ક્ષેત્રમાં જંગલોની કાપણીનું નીરિક્ષણ અને બ્રાઝિલના ક્ષેત્રમાં વિવિધ પાકના વિશ્લેષણમાં મદદ કરશે. આ રોકેટની સાથે અન્ય ૨૦ ઉપગ્રહોને પણ લોન્ચ કરવામાં આવશે.

# યોગી સરકારની આઝમ ખાન પર સ્ટ્રાઈકઃ લોકતંત્ર સેનાની પેન્શન અટકાવ્યું



લખનૌ,તા.૨૫

ઉત્તર પ્રદેશ સરકારે સમાજવાદી પાર્ટીના સાંસદ આઝમ ખાન વિરૂદ્ધ વધુ એક કાર્યવાહી કરી છે. યોગી સરકારે આઝમ ખાનને મળતું લોકતંત્ર સેનાની પેન્શન અટકાવી દીધું છે. આઝમ ખાન વિરૂદ્ધ નોંધાયેલા વિવિધ ગુનાહિત કેસને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. શરૂઆતમાં આ પેન્શનની રકમ ૫૦૦ રૂપિયા પ્રતિ માસ હતી જે હવે વધીને ૨૦,૦૦૦ રૂપિયા થઈ ગઈ છે.

૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવે કટોકટી સમયે જેલમાં જનારા લોકોને લોકતંત્ર સેનાની પેન્શન આપવાની શરૂઆત કરી હતી. તે અંતર્ગત આઝમ ખાનને પણ પેન્શન મળી રહ્યું હતું પરંતુ હવે યોગી સરકારે આઝમ ખાનનું પેન્શન અટકાવી દીધું છે. રામપુરમાં ૩૭ લોકોને લોકતંત્ર સેનાની પેન્શન આપવામાં આવી રહ્યું હતું.

કટોકટી સમયે આઝમ ખાન અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘ સાથે જોડાયેલા હતા અને જેલમાં ગયા હતા. લોકતંત્ર સેનાની પેન્શનની શરૂઆત થઈ ત્યારથી તેમને આ પેન્શનનો લાભ મળી રહ્યો હતો. બુધવારે રામપુર જિલ્લાના લોકતંત્ર સેનાનીઓના નામની નવી યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં આઝમ ખાનના નામનો સમાવેશ નહોતો કરાયો.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર આવી ત્યારે સાંસદ આઝમ ખાન વિરૂદ્ધ અનેક કેસ નોંધાયા હતા. ખેડૂતોએ તેમના વિરૂદ્ધ જૌહર યુનિવર્સિટી માટે જમીન કબજે કરી લેવાના ૨૬ કેસ નોંધાવ્યા હતા. હાલ સાંસદ આઝમ ખાન વિરૂદ્ધ કુલ ૮૫ કેસ કોર્ટમાં વિચારાધીન છે અને છેલ્લા એક વર્ષથી આઝમ ખાન જેલમાં બંધ છે.

### સોશિયલ મિડિયા અને ઓટીટી પ્લેટફોર્મ મુદ્દે સરકારે ગાઇડલાઇન જાહેર કરી

# ફરિયાદ મળવાના ૨૪ કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવું પડશે

**સોશિયલ મીડિયા કંપનીઓએ યૂઝર્સ વેરિફિકેશનની સિસ્ટમ બનાવી પડશે, યૂઝરને મળશે વધારે તાકાત અને કંપનીઓએ યોગ્યે મેકેનિઝમ રાખવું પડશે**

*ન્યુ દિલ્હી,તા.૨૫*

સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ મુદ્દે કેન્દ્ર સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, સરકારે સોશ્યલ મીડિયા અને OTT પ્લેટફોર્મ માટે નિયમો બનાવી નાંખ્યા છે. કેન્દ્ર સરકાર હવે સોશ્યલ મીડિયા અને OTT કંપનીઓ સામે કડક થઈ ગઈ છે. સોશ્યલ મીડિયામાં નિયમોમાં બદલાવ અને નવી ગાઈડલાઇનની જાહેરાત આજે કરવામાં આવી છે. આ મુદ્દે કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ અને પ્રકાશ જાવડેકરે એક પત્રકાર પરિષદ કરી હતી.

રવિશંકર પ્રસાદે કહ્યું કે સોશ્યલ મીડિયામાં ખોટી ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે પણ હવે સરકાર સોશ્યલ મીડિયા પર આપત્તિજનક સામગ્રીને મંજૂરી નહીં આપે. તેમણે કહ્યું કે અમે જોયું છે કે લોકો હવે હિંસા ફેલાવવા માટે સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે કહ્યું કે ભારતમાં વેપાર કરવા માટે સોશ્યલ મીડિયાનું સ્વાગત છે, અને સરકાર પોતાની ટીકા માટે પણ તૈયાર છે. પરંતુ સોશ્યલ મીડિયાના ખોટા ઉપયોગને મંજૂરી મળવી જોઈએ નહીં. સોશ્યલ મીડિયા માટે જે ગાઈડલાઇન બની છે તે ત્રણ મહિનામાં લાગુ કરી દેવાની રહેશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટ દ્વારા જ ઓનલાઈન પ્લેટફોર્મ અને તેના પર નાંખવામાં આવતા કન્ટેન્ટ માટે ગાઈડલાઇન જાહેર કરવા કહેવામાં આવ્યું હતું.

રવિશંકર પ્રસાદે એલાન કર્યું કે હવેથી સોશ્યલ મીડિયા પ્લેટફોર્મએ અધિકારીઓનને તૈનાત કરવા પડશે અને કોઈ પણ આપત્તિજનક પોસ્ટ ૨૪ કલાકમાં હટાવી દેવી પડશે. ભારતમાં પોતાના નોડલ ઓફિસર અને રેસિડેન્ટ ગ્રીવાન્સ ઓફિસરની નિમણૂક કરવી પડશે અને એક મહિનામાં કેટલી ફરિયાદો પર એકશન લેવામાં આવ્યું તેની જાણકારી પણ આપવાની રહેશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અફવા ફેલાવનાર વ્યક્તિ કોણ છે તેની જાણકારી આપવી પડશે.

ડિજિટલ માધ્યમ માટે સરકારે ગાઈડલાઈન જાહેર કરતાં કહ્યું કે ડિજિટલ મીડિયા અને OTT પ્લેટફોર્મે જાણકારી આપવાની રહેશે કે તે શું કામ કરે છે અને કયા પ્રકારનું કન્ટેન્ટ તૈયાર કરે છે. તે બાદ બધાએ એક સેલ્ફ રેગ્યુલેશન લાગુ કરવાના રહેશે અને તે માટે એક બોડી બનાવવામાં આવશે જે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અથવા અન્ય કોઈ વ્યક્તિ હેડ કરશે. ઈલેક્ટ્રોનિક મીડિયાની જેમ જ ડિજિટલ મીડિયાએ પણ ભૂલ થવા પર માફી પ્રસારિત કરવાની રહેશે.

**સોશિયલ મીડિયા માટે નવા નિયમ**

૧. નવી ગાઈડલાઈન્સ મુજબ સોશિયલ મીડિયાએ એક ફરિયાદ સેલ બનાવવો પડશે.

૨. કોઈ પણ કન્ટેન્ટ હટાવતા પહેલા કારણ બતાવવું હશે

૩. ફરિયાદ કરવા પર આપત્તિજનક પોસ્ટને ૨૪ કલાકમાં હટાવવી પડશે.

૪. દર મહિને ફરિયાદ પર કાર્યવાહીની જાણકારી આપવી પડશે.

૫. સોશિયલ મીડિયાના આ નિયમો ત્રણ મહિનામાં અંદર લાગુ થશે.

૬. ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરની નિયુક્તિ કરવાની રહેશે. જે નિયમોના કમ્પ્લાયન્સને લઈને જવાબદાર રહેશે.

૭. એક નોડલ કોન્ટેક્સ પર્સનની પણ નિયુક્તિ કરવાની રહેશે, જે ૨૪૭૭ લો ઈનફોર્સમેન્ટ એજન્સીઓ સાથે તાલમેલ બેસાડી રાખશે.

૮. નિયુક્ત કરાયેલા બંને અધિકારી ભારતમાં રહેતા હોવા જોઈએ.

૯. રેસિડેન્ટ ગ્રીફાન્સ અધિકારીની પણ નિયુક્તિ કરવાની રહેશે.

૧૦. સૌથી પહેલા પોસ્ટ નાખનારાની જાણકારી આપવી પડશે.

**OTT માટે નવી ગાઈડલાઈન્સ**

૧. કન્ટેન્ટના હિસાબે કેટેગરી નક્કી થશે.

૨. OTT કન્ટેન્ટની પાંચ કેટેગરી બનાવવામાં આવશે.

૩. U, U/A 7+, U/A 13+, U/A 16+, અને A કેટેગરી હશે.

૪. ડિજિટલ પ્લેટફોર્મ પર પેરેન્ટલ લોકની સુવિધા આપવી પડશે.

૫. એથિક્સ કોડ ટીવી, સિનેમા જેવા જ રહેશે.

૬. ્ પ્લેટફોર્મ્સે સેલ્ફ રેગ્યુલેશન બોડી બનાવવી પડશે.

૭ ફેક કન્ટેન્ટ નાખવા બદલ કડક કાર્યવાહી કરાશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની પાંચ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : સવાર.બપોર.સાંજ.રાત

..સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

સર્જક,લેખકો : વિભૂતિ દેસાઈ,.લીના વછરાજની,કલ્પના ત્રિવેદી,

જયશ્રી પટેલ,પ્રફુલ્લ પ્રસન્ના

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

## NOG SS No : 0044

પ્રકાર :- ગદ્ય

વિષય:- સવાર,બપોર, સાંજ.

શીર્ષક:- અંધકાર.

રવિવારની સવારનાં ખુશનુમા વાતાવરણમાં પત્ની મોના અને માવતર સાથે ચાની ચૂસકી લેતાં લેતાં નિલેશે પિક્ચર જોવાનો પ્રોગ્રામ બનાવ્યો.સહુ આનંદમાં હતાં, ત્યાં જ ભરબપોરે મધ્યાને સૂર્ય તપી રહ્યો હતો, ત્યારે જ ઈશ્વરે , ભરયુવાનીમાં લાડકવાયાનાં શ્વાસ પર પૂર્ણવિરામ મૂકી દીધું, ને ઘરમાં મૃત્યુની કાલીમા ફેલાવી અંધકાર સર્જી દીધો.યુવાન પત્ની અને વૃધ્ધ માવતર અવાક! કોણ કોને આશ્વાસન આપે? પત્ની મોનાએ આ કારમો ઘા ભીતરે ભંડારી સગાં સંબંધીઓને જાણ કરી.વૃધ્ધ સાસુ-સસરાને શાંત કરવાનો પ્રયત્ન કરતાં આશ્વાસન આપતાં કહ્યું," મમ્મી-પપ્પા હું આજથી આપનો દીકરો બનીને આધાર બનીશ.આ ઘર છોડીને ક્યાંય નહિ જાઉં." સમય જતાં વહુને બીજા લગ્ન કરવા સમજાવી પરંતુ વહુ એકની બે ન જ થઈ.સાસુ-સસરાનો આધાર બની રહી.સાસુ-સસરા બોલી ઉઠ્યાં," દીકરાની અંતિમ વિદાય ટાણે વહુએ આશ્વાસન આપેલું ત્યારે અમને વિશ્વાસ નહોતો, પરંતુ વહુ એ આપેલું વચન સાર્થક કરી, અમારાં ઘડપણનો આધારસ્તંભ બની અમારી આંતરડી ઠારી, અમારી જીવનસંધ્યા સાચવી."

વિભૂતિ દેસાઈ ઘાસવાલા

બીલીમોરા.

---

## NOG. સાહિત્ય સરિતા (૧)
## NOG SS. No. 0029

વિભાગ:ગદ્ય

થીમ: સવાર બપોર સાંજ રાત

વાર્તા શીર્ષક : "એકલો ઈશ્વર"

"એકલો ઈશ્વર"

સવારે સ્વામી તારકેશ મરિયમનાં બકરીનાં બચ્ચાંને કતલખાનેથી છોડાવીને લઈ આવ્યા એમાં તો ખોબા જેવડા ગામમાં હોહા થઈ ગઈ. અને આ કંઈ પહેલી વાર નહોતું બન્યું. સ્વામી તારકેશ ક્યારેક નગરશેઠના નેપાલી ચોકીદારને ઉકાળા બનાવીને પીવડાવતા, ક્યારેક ગામના એક માત્ર ચર્ચની બહાર ભીખ માંગતા જોસેફને પોતાની સાથે જમવા લઈ જતા.

આવી દરેક ઘટનાનો ગામમાં જોરશોરથી વિરોધ થતો કે,

ભગતડો બધી જાતપાત ભેગી કરીને ભ્રષ્ટ થઈ ગયો છે.

આ વખતે પણ બપોરે ગામની પંચાયતમાં ધર્મ વિશે ચર્ચા ચાલી,

"બીજી જાતિની બકરીને બચાવવાની શું જરૂર ?"

"અરે! બકરીનાં એ બચ્ચાની જાત નક્કી કરવાવાળાં આપણે કોણ? એ અબોલની ફરિયાદ કોણ સમજે?"

સ્વામીજીની દલીલ કોઇને ગમી નહીં પણ સ્વામીજી પોતે જ ધર્મના પ્રખર જાણકાર હતાં એટલે પંચાયતે બે હાથ જોડીને તારકેશને ઠંડા શબ્દોમાં ચેતવણી આપીને ઘટના પર પડદો પાડી દીધો.

એ સાંજે ગંગોત્રીનાં પ્રચંડ

પ્રવાહમાં રુદ્રાક્ષની માળા સાથે માનવીય સંબંધોના બંધન પધરાવતાં સ્વામી તારકેશ સ્વગત્ બોલ્યા..

"જેનાથી માણસની જાતપાત ઓળખાય છે એવી દરેક ઓળખને આજથી હું તિલાંજલી આપું છું. હું માનવ છું અને મારે એટલી જ ઓળખ રાખવી છે. મારો એક જ ધર્મ- હું માનવ છું.."

બીજે દિવસે સવારની આરતીમાં ભેગા થયેલા ભક્તોએ મંદિરમાં સૂનકાર જોયો..

ઈશ્વર આજ એકલો હતો.

લીના વછરાજાની.

---

## NOG.SS No. 0019

નામ...કલ્પનાબેન ત્રિવેદી

વિષય... સવાર,બપોર,સાંજ

પ્રકાર...ગદ્ય

શીર્ષક....સ્ત્રીનું જીવન

સ્ત્રીની સવાર...

અરે, આ ઉઠવામાં મોડું થયું. દૂધવાળો આવી ગયો હશે, ફટાફટ ચા મૂકી ,મારું કામ પતાવું.ચા, નાસ્તા સાથે ઝડપી રસોઈની તૈયારી,માનસિક કામ સાથોસાથ ચાલુ જ!

બધાની સગવડ સાચવી અગિયાર વાગે થોડો શ્વાસ ધીમો થાય.વળી શાકભાજી,કરિયાણું,સાફસફાઈ,,, આટોપી ત્યાં એની બપોર શરૂ.

બપોર...

થોડી અલપઝલપ ઊંઘ લઇ બા -બાપુજીને દવા,ચા,નાસ્તો આપી કોઈ વ્યવહાર સાચવવાનો હોય. મનમાં ઘણી ગડમથલ થતી હોય કે ઘણાં સમયથી ઢીંચણ દુઃખે છે તો બતાવવો જોઈએ..પણ. ત્યાં યાદ આવે કે નાનકાનું ટ્યુશન નક્કી કરવાનું છે કાલે જઈશ,એ કાલ કદી પડતી જ નથી ,ત્યાં જીવનની સાંજ પડી જાય છે.

સાંજ

સાંજે થાક હોવાં છતાં સૌની ફરમાઈશ પૂરી થાય.સૌ સંતોષનો આસ્વાદ લઈ પોતપોતાનાં રૂમમાં.

એને બધાં સાથે વાત કરવી છે. તકલીફો જણાવવી છે. કોઈ પોતાની સાથે રહી વહાલ આપે,કે ખાલી સ્મિત જ કરે,પણ કોઈનું ધ્યાન નથી જતું.

જીવનની ઘટમાળ આમ જ ચાલતી જાય છે.અને અચાનક જ રાત પડી જાય છે.

કલ્પનાબેન ત્રિવેદી

---

## NOG SS NO:0004

વિષય: સવાર બપોર સાંજ રાત્રી

વિભાગ :ગદ્ય

શીર્ષક: જીવનચક્ર(લેખ)

સવાર એટલે નભમાં આદિત્યનારાયણનું આગમન, રંગોની છાંટ નદી, સમુદ્રને પહાડો, વનો અને સિમેન્ટ કૉંક્રેટનાં શહેરોનું આળસ મરડી ઊઠવું. પંખીઓનો કલરવ ને મીઠી મધુરી પ્રભાતિયાની રેડિયો પર વહેતી સરવાણી.

જાગને જાદવા..પણ અહીં ક્યાં? અહીંતો દોડો દોડો ઓફિસ જવાનું મોડું થાય છે નો કલરવ, પાણીનાં નળ પર પાણીની તંગી અને રસ્તા પર વેરાયેલા કાગડાને પક્ષીઓ માટેનાં ગાંઠિયાનાં ઢગલાં..ચારે તરફ પાનની પિચકારી ને રસ્તા પર કચરાના ઢગલાંમાંથી પાલ્સટિક શોધતી મેલી ઘેલી પ્રજા.જિંદગીનાં મૂલ્યવાન ચાળીશ વર્ષ આ દ્રશ્ય જોઈ ખુશનુમા સવાર ભૂલાઈ જ ગઈ.કેવું આ જીવનચક્ર!

બપોર પણ ક્યાંતો વાતાનુકૂલિત ઓરડામાં , ક્યાંતો દિવાનખાનામાં ઉભરતી કીટીપાર્ટી ને પેલી તીનપત્તી જે જૂગટું ખેલતા ખેલતા હાર્યો જુગારી બમણું રમે તેમ રમત ને સમય ક્યાં રેતની જેમ સરી જાય અને બાળક બિચારા શાળા, ઘરે અને ટ્યૂશને,પુરુષો દફ્તરમાં ક્યાંતો કારકુની,ક્યાં શેઠની વાતાનુકૂલિત કાર્યશાલામાં હા સાહેબ ! ના સાહેબની! હજૂરીમાં.તો ધનાઢ્ય પુરુષ એશોઆરામ દેવું કરી ઘી પીને ચાલતી પોતાની ભવ્ય ઓફિસોમાં..કંટાળાજનક સમયની વહારે, મોંઘીદાટ ઘડિયાળમાં પાંચ વાગ્યાની રાહ જોવામાં ગાળે.

આવી બપોરે ક્યાં ઘટાદાર લીમડો કે પીપળો યાદ આવે? દોડતી ભાંગતી જિંદગી ને પેલા બેક્બેલેંસનાં લેખા જોખામાં ઝાડ નીચે ઊભેલી ભવ્ય કાર પર પડેલી પક્ષીઓની અઘાર જોઈ મોઢું બગાડતા ગાડી ચાલકો અને તેથી ઝાડને કાપવાની વાત કરી રાજી થતાં માનવ વર્ગને આપણે શું કહીએ..?

ગુંજતાં ઘડિયાળનાં ટકોરા શેઠને ઘરે જવાની ઉતાવળ સાંજને રંગીન બનાવાનાં સ્વપ્ન, કારકુન ને હજૂરિયા શેઠનાં ગયા પછી એકબીજાનાં ટેબલ પરની ગપ્પાગોષ્ટીમાં, કિસકે બાપકી દિવાળી તે મશીનની કોફી અને ચા પીને જ છ વાગે કે ધડાધડ ઘર તરફની દોટ. સ્ત્રીઓ પણ પચાસ ટકા એમાં સામેલ અને ઘરે પહોંચી પેલી સિરિયલોનાં સમય પહેલાં રાંધી નાંખવું કે તૈયાર ભોજન મંગાવી જમી લેવું. દોઢ થી ત્રણ કલાક સોફા પર રીમોટ માટે કંકાસ કરી સૂઈ જવું કારણ સવારે પાછી ભાગદોડમાં સામેલ થવાનું તેની ચિંતા લઈ સૂવું..ક્યારેક પ્રેમ ભરી રાત ક્યારેક કંકાશ..આમાં પેલા સૂરજ દેવતા તો ક્યાંય અસ્ત પામે ને પૂનમથી અમાસ સુધીની રાતો આમજ પસાર થઈ જાય તો ક્યાં પેલો ચાંદ વધઘટ કરી ને છૂપાય પણ જાય ને પાછો નીકળી પડે..પણ ક્યાં અટકશે આ જીવનચક્ર?

માનવ જીવનનાં ચક્રમાં થોડો સમય આ સવાર બપોર સાંજ અને રાત માટે ક્યારે વિચારશે?શું એની પાસે સમય છે ખરો?

જયશ્રી પટેલ..મુખ્ય નિર્ણાયક શ્રી

---

## NOG સાહિત્ય સરિતા
## NOG SS No - 0039

વિષય- સવાર બપોર સાંજ રાત

શીર્ષક - આંગળિયાત

શબ્દો - ૩૨૫

પ્રકાર - ગદ્ય - લેખ

સવારની આંગળી પકડીને બપોર, બપોરની આંગળી પકડીને સાંજ, સાંજની આંગળી પકડીને રાત અને વળી રાતની આંગળી પકડીને સવાર આવવા માટે તૈયાર. આમ સવાર, બપોર, સાંજ અને રાત એકબીજાના આંગળીયાત કહેવાય. જગ ઉજીયારા છાયે, મનકા અંધેરા જાયે કિરનોકી રાની ગાયે, જાગો હે..મેરે મન..મોહન પ્યારે જાગો.

પ્હોં ફાટી છે, ગોધુલીની વેળા થઈ રહી છે.ગોવાળિયો ઢોરને દોહીને એના ધણને લઈને નદીકિનારે ચરાવવા નીકળી પડ્યો છે. પનિહારીઓનાં ઝાંઝર સરખી સહિયરો સંગે કૂવા તરફ રુમઝુમ જઈ રહ્યાં છે. નાના ગામમાં સવારનાં પહોરમાં બેડાના અને દોણાંના અવાજો દરેક ઘરમાંથી આવી રહ્યાં છે.પૂર્વ દિશામાંથી સૂર્યદેવ સાત અશ્વની અસવારીએ ડોકું કાઢી રહ્યાં છે.પક્ષીઓ ચણ મેળવવા માળામાંથી સમૂહમાં નભમાં પ્રવાસે નીકળી ગયાં છે અને ટીવીમાં જાગતે રહો ફિલ્મનું ઉપરનું સુંદર પ્રભાતિયાં જેવું ગીત ગુંજી રહ્યું છે.

શહેરનો માણસ કમનસીબ છે. પ્હોં ફાટવાની વેળા, સૂરજના ઉગવાની ઘડી, પશુ પક્ષીઓની હિલચાલ એના નસીબે નથી. શહેરમાં રહેવું બહુ મોંઘું છે.રોજી રોટી કમાવા દૂર જવું પડે છે.ભરણપોષણની લાહ્યમાં એ પ્રકૃતિથી દૂર થઈ ગયો છે.થાકીને ચૂર થઈ ગયેલા એને સૂર્યોદયની કે સૂર્યાસ્તની સુંદરતા જોવા માટે પૈસા ખર્ચીને હિલસ્ટેશન પર જવું પડે છે.

સવાર ધીમે ધીમે આગળ વધતી જાય છે, શિયાળામાં હૂંફાળી, ઉનાળામાં ગરમ અને ચોમાસામાં વાદળછાઈ વરસાદી બપોર પણ ગામડાની અલગ અને શહેરની અલગ.ગામડાનો માણસ પ્રકૃતિની સાથે સમય વિતાવે છે.ત્યાં લાઈટ ના હોય, ગરમી સખત હોય, ધોધમાર વરસાદ હોય, માણસ બધું વેઠી લે છે.શહેરમાં ગરમી માટે એ.સી. ઠંડી માટે હિટર અને વરસાદમાં ચાર દિવાલ.શહેરનો માણસ પ્રકૃતિનાં બધાં જ લક્ષણો સહન નથી કરી શકતો!

બપોર વહેતી જાય છે ને સાંજ આવે છે. સાંજની આંગળી પકડીને સંધ્યા આવે છે.નદી કે સાગર કિનારાની સંધ્યા અલૌકિક, મનને ખુશીઓથી ભરી દે છે.ગામડાની સાંજ, સંધ્યા ખૂબ સુંદર હોય છે.શહેરમાં ઊંચા ઊંચા મકાનો, પ્રદૂષણ, નોકરી ધંધાને કારણે સાંજ કે સંધ્યાને માણી શકાતી નથી. ઘેર આવે ત્યાં જ રાત પડી જાય છે.

ગામડામાં ફળિયામાં કે ધાબા ઉપર સૂઈને રાતની અદ્ભૂત સુંદરતા માણી શકાય છે.અંધારિયાની કાળી રાતોમાં અગણ્ય તારલા અને નક્ષત્રોને નિહાળવાની મજા અકલ્પનિય છે.રાત જો અજવાળી હોય તો ચંદ્રમાનું અજવાળું મનને ખુશીઓથી પ્રકાશિત કરે છે.રોજ રોજ વધતાં અને ઘટતા ચંદ્રને જોઈએ ખગોળીય ચમત્કાર અનુભવાય છે.

પ્રફુલ્લા'પ્રસન્ના"અમદાવાદ

---

# ડિજિટલ કંપનીઓને સ્થાનિક ન્યૂઝ કન્ટેન્ટ માટે પબ્લિશર્સને ચૂકવણી કરવી પડશે

મેલબર્ન,તા.૨૫

ઓસ્ટ્રેલિયાની સંસદમાં ગુરૂવારે તે ઐતિહાસિક બિલને પાસ કરી દીધો છે, જેના કારણે ડિજિટલ કંપનીઓને સ્થાનિક ન્યૂઝ કન્ટેન્ટ માટે પબ્લિશર્સને ચૂકવણી કરવી પડશે. ઓસ્ટ્રેલિયાના આ પગલા પર દુનિયાભરની નજરો રહેલી છે.

શરૂઆતમાં ફેસબુક અને ગૂગલ જેવી કંપનીઓ આ બિલનો ખુલ્લેઆમ વિરોધ કરવા માટે મેદાનમાં આવી ગઈ હતી. ફેસબુકે પાછલા અઠવાડિયે ગુરૂવારે કડક વલણ બતાવતા ઓસ્ટ્રેલિયામાં પોતાના પ્લેટફોર્મ ઉપર સમાચારો શેર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો. જ્યારે ગૂગલે ધમકી આપી હતી કે, તેઓ ઓસ્ટ્રેલિયામાં પોતાનો સર્ચ એન્જિન હટાવી લેશે.

જોકે, જ્યારે ઓસ્ટ્રેલિયાની સરકાર બિલમાં સંશોધન કરવા માટે તૈયાર થઈ ગઈ તો ફેસબુકે મંગળવારે કહ્યું કે, તેઓ ઓસ્ટ્રેલિયન ન્યૂઝ કન્ટેન્ટ પરથી પોતાનો પ્રતિબંધ હટાવી લેશે.

નવો કાયદો ગૂગલ અને ફેસબુક માટે લોકલ કન્ટેન્ટ ડીલ્સમાં લાખો ડોલરનો રોકાણ કરવાનો રસ્તો સાફ કરશે, અને આ દુનિયાભરમાં સંચાલકો સાથે કંપનીઓના ઝગડાઓને ઉકેલવા માટે એક મોડલ સાબિત થઈ શકે છે. ગૂગલ હવે પોતાના "શોકેસ" પ્રોડેક્ટ પર દેખાનાર ન્યૂઝ કન્ટેન્ટ માટે ચૂકવણી કરશે અને ફેસબુક પાસે પણ આશા કરવામાં આવી રહી છે કે, તે પોતાના ન્યૂઝ પ્રોડક્ટ પર નજરે પડનાર પ્રોવાઈડર્સને ચૂકવણી કરશે.

જણાવી દઈએ કે, પાછલા દિવસોમાં ઓસ્ટ્રેલિયા સરકારે કહ્યું હતુ કે, તેઓ કાયદાઓ દ્વારા તે સુનિશ્ચિત કરવા ઈચ્છે છે કે, દેશના મીડિયા બિઝનેશને પોતાના સમાચારો માટે ઓનલાઈન પ્લેટફોર્મ્સથી ઉચિત રકમ મળે.

---

### અમેરિકા ચીનને મોટો ઝટકો આપવાની તૈયારીમાં
# ભારતમાં રોકાણ પર ભાર મૂકવા અમેરિકન સેનેટલમાં બિલ પસાર કરાશે

વોશિંગ્ટન,તા.૨૫

ચીનને પછાડવા અમેરિકન સેનેટમાં બિલ પસાર કરવામાં આવશે. જેમાં ભારતમાં રોકાણ પર ભાર મુકાશે. અમેરિકાના ઉચ્ચ સદન (સીનેટ)માં વિદેશી કારોબાર પ્રતિદ્વંદ્વિયોની યાદીને બહાર કરવા માટે એક વિધાય પેકેજ મુસદ્દો તૈયાર કરવાની માંગ ઉઠી છે. સેનેટના બહું સંખ્યક નેતા ચક શૂમરે પોતાના ડેમોક્રેટિક સહયોગિયોને ત્યાં સુધી કહ્યું કે અમેરરિકામાં નવા રોજગાર ઉભા કરી રહેલા પોતાના રણનીતિક ભાગીદારો તથા ભારત જેવા ગઠબંધન દેશોમાં રોકાણ કરે. તેમાં નાટો દેશ પણ સામિલ થઈ શકે છે.

સેનેટમાં એક મોટા સમૂહ (કોકસ)ના બોલાવવા પર શૂમરે સેનેટ સમિટીઓને અમેરિકન નોકરિયોની રક્ષા માટે નવા કાયદાનો મુસદ્દો તૈયાર કરવા અને ચીનને માત આપવા માટે જોર આપતા આ વાત કહી. તેમણે કહ્યું કે તેમનો ઈરાદો આ વસંતમાં સેનેટમાં મતદાનના માધ્યમથી આવા કાયદો બનાવવાનો છે.

તેમણે કહ્યું કે મે સંબંધિત સમિતિઓના અધ્યક્ષો અને સભ્યોએ કહ્યું છે કે તે ચીનને ઘેરે અને ભારત જેવા દેશોમાં રોકાણ વધારે જેથી ચીનની શિકારી નીતિઓ પર અંકુશ લાગે અને દેશમાં રોજગારના અવસર વધે.

શૂમરે કહ્યુ કે એવું કરવાથી અમેરિકન નવાચાર, વિનિર્માણમાં રોકાણ વધશે અને ચીનને મોટી ટક્કર આવી શકાશે. આ કાયદાના કેન્દ્રમાં દ્વિદલીય તથા દ્વિસદનીય વિધેયક એન્ડલેસ ફ્રંટિયર્સ એક્સ હશે. જેને શૂમરે ગત વર્ષ સેનેટર ટોડ યંગ માઈક ગૈલાગ અને ભારતીય અમેરિકન સાંસદ રો ખન્નાની સાથે સદનમાં રાખ્યા હતા.

અમેરિકન સેનેટમાં બહુસંખ્યક નેતા ચક શૂમરે કહ્યું કે ભારત અને નાટો જેવા ગઠબંધનોથી સંબંધો વધશે અને રોકાણ કરવાથી અમેરિકા ન ફક્ત ચીનમાં સ્થાપિત ઉદ્યોગોને ઓછા કરી શકશે બલ્કે વિદેશોમાં અમેરિકન રોકાણ મજબૂત કરવા ચીનને પછાડી શકશેય આ ઉપરાંત ચીનમાં વિદેશી સ્ત્રોતોના આદાર રોકવા માટે આપણે અમેરિક સેમીકંડક્ટર ઉદ્યોગ અને મજબૂત કરવા માટે ગંભીર રોકાણ કરશે.

---

# વડાપ્રધાન મોદી ૬ માર્ચે કેવડિયામાં ડિફેન્સ કોન્ફરન્સમાં ભાગ લેવા ગુજરાત આવશે



ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે પ્રચાર પ્રસાર જોરશોરથી જામી રહ્યો છે. ગુજરાતની ૬ મનપાની ચૂંટણીમાં ભાજપે શાનદાર પ્રદશન કર્યું છે અને તમામ મનપા પર જીત હાંસલ કરી છે. તેવામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને મોટા સચામાર આવી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદી ૬ માર્ચે ગુજરાત પ્રવાસે આવવાના છે.

કેવડિયામાં આગામી માર્ચ મહિનમાં ત્રિદિવસીય ડિફેન્સ કોન્ફરન્સ મળવાની છે. ટેન્ટ સિટી ખાતે યોજાનાર આ કોન્ફરન્સ ૩ માર્ચથી ૬ માર્ચ સુધી યોજશે. આ કોન્ફરન્સમાં સેનાની ત્રણેય પાંખોના વડાઓ અને અધિકારીઓ સામેલ રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કોન્ફરન્સના સમાપન સમારોહમાં હાજર રહેશે. અને સેનાના ત્રણેય પાંખોના વડાઓ અને અધિકારીઓને સંબોધન કરવાના છે.

રાજ્યમાં એક બાજુ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. અને પીએમ નરેન્દ્ર મોદીના પ્રવાસને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મનપામાં મળેલી ભવ્ય જીત બાદ ભાજપ નેતાઓ પીએમ મોદીને આવકારવા થનગની રહ્યા છે. તો પાલિકા-નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાઈ શકે તેવી સંભાવના છે.

---

## હાય રે મોંઘવારી: અમદાવાદમાં પેટ્રોલ ૮૮ રૂપિયાને પાર


અમદાવાદ,તા.૨૫

જે રાજયોમાં વેટના દર ઉંચા છે ત્યાં બસ થોડા જ દિવસોમાં પેટ્રોલ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં છે. વાત આટલેથી પૂરી નથી થતી. હાલની સ્થિતિ અને સંજોગો પણ કંઈક એવા છે કે, પેટ્રોલના ૧૦૦ રુપિયા પ્રતિ લિટરના ભાવ આગામી દિવસોમાં 'ન્યૂ નોર્મલ' બની રહેવાની પૂરી શક્યતા છે. આજે અમદાવાદમાં પેટ્રોલના ભાવ ૮૮ રુપિયાની સપાટીને વટાવી ગયા છે. પેટ્રોલની કિંમતનો મોટો આધાર તેના પર લાગુ પડતા વિવિધ ટેક્સ અને ક્રૂડ ઓઈલની કિંમત પર નક્કી થાય છે. જો એપ્રિલ મહિનાથી પેટ્રોલિયમનું પ્રોડક્શન કરતાં દેશોએ તેમાં વધારો ના કર્યો તેમજ ટેક્સમાં પણ કોઈ રાહત ના મળી, તો મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી રાહત મળવાની શક્યતા લગભગ નહીવત છે.

---

# અન્ય તીરથ વારંવાર,ગંગાસાગર એકવાર
# ગંગાસાગર તીર્થ પર મોરારી બાપુની રામકથા

આપણી સનાતન ધર્મ પરંપરામાં પ્રત્યેક તીર્થનો પોતાનો આગવો મહિમા છે. ભારત વર્ષ એક એવું રાષ્ટ્ર છે, જ્યાં સનાતન ધર્મ સંસ્કૃતિની ધારા યુગોથી નિરંતર વહી છે. પ્રકૃતિનાંતત્વોને દેવત્વ પ્રદાન કરીને આપણે તેને પૂજ્યાં છે. એટલે જ આપણે નદીઓને મા નું બિરુદ આપ્યું છે.આપણા દેશમાં ગંગામૈયા સૌથી પવિત્ર નદી રૂપે પૂજ્ય છે. ગંગોત્રીથી નીકળીને ગંગા પશ્ચિમ બંગાળનાસાગરમાંસમાઈ જાય છે. ગંગા અને સાગરના સંગમ સ્થાન ×ગંગાસાગર× છે.તેને 'સાગર દ્વીપ' તરીકે પણ ઓળખવામાં આવે છે. હિન્દુધર્મશાસ્ત્રો એને 'મોક્ષ ધામ' તરીકે ઓળખે છે. મકરસંક્રાંતિના દિવસે અહીં દુનિયાભરના સનાતન ધર્મ પ્રેમીઓ મોક્ષની કામના સાથે ગંગાસાગરમાં ડૂબકી લગાવી, ધન્યતાનો અનુભવ કરે છે. પશ્ચિમ



બંગાળના દક્ષિણ ૨૪ પરગણાના જિલ્લામાં આવેલ આ તીર્થસ્થાન પર કપિલ મુનિનું મંદિર છે. કપિલ મુનિ વિષ્ણુ ભગવાનનો અવતાર મનાય છે, જેમણે ભગવાન રામના પૂર્વજ અને ઈક્ષ્વાકુવંશના રાજા સગરના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા માટે ગંગાવતરણ માટે તપસ્યા કરવાનો માર્ગ રાજા ભગીરથનેબતાવ્યો હતો.

એક સમય એવો હતો, જ્યારે અહીં આવવું અત્યંત કઠિન હતું. અને એટલે જ એવી કહેવત પડી કે- ×અન્ય તીર્થ વારંવાર પણ ગંગાસાગર એકવાર...!× જો કે આજે સંચાર માધ્યમોનીઉપલબ્ધતા વધી ગઈ છે, ત્યારે હવે ગંગાસાગરની યાત્રા સરળ બની છે.

સનાતન ધર્મ પરંપરાના આ પાવન તીર્થ પર પૂજ્ય મોરારીબાપુનાશ્રીમુખેથીરામકથાનું ગાન થવાનું છે. એમના કુલ કથા ક્રમનીટપ૬મીઅને આ તીર્થધામમાં થઈ રહેલી આ બીજી રામકથા છે. અગાઉ અહીં બાપુની ૪૩૪મીકથા, માર્ચ ૧૯૯૨માં ×માનસ કપિલ ગીતા× શિર્ષક અંતર્ગત ગવાઈહતી.એ રીતે ગંગા અને સાગરનાં મિલન સ્થાન પર રામ કથા રૂપી ×જગ પાવની ગંગા× નો ત્રિવેણી સંગમ રચાશે. ૨૯ વર્ષના લાંબા અંતરાલ પછી આ ધન્ય ધરાને વિશેષ ધન્યતા પ્રદાન કરવા માટે તલગાજરડી વૈશ્વિક વ્યાસપીઠ પધારી રહી છે. જેના યજમાન કલકત્તાના શ્રી અરુણભાઈ શ્રોફ છે. અરૂણભાઈવ્યાસપીઠના સમર્પિત ફ્લાવર છે. જેમણે વ્યક્તિગત રીતે ચાર અને સહયોગી યજમાન તરીકે ચાર રામ કથાના યજમાન બનવાનું સદભાગ્ય પ્રાપ્ત કર્યું છે. વ્યાસપીઠના નિમિત્ત માત્ર યજમાન બનવાનો તેમને માટે આ નવમો પ્રસંગ છે. ધન્યતા અનુભવતા તેઓ ગદગદ્ સ્વરે કહે છે કે વ્યાસપીઠ તરફનો ભાવ કેવળ અનુભવી શકાય, શબ્દો દ્વારા વ્યક્ત ન કરી શકાય!×..... ગત વર્ષે શ્રી અરૂણજીના યજમાન પદે અંદામાન-નિકોબાર માં સૌ પ્રથમ વાર યોજાયેલી ઐતિહાસિક રામકથાગવાઈ હતી. અરૂણભાઈ કહે છે કે પૂજ્ય બાપુની કૃપાથી ત્રણ દાયકા પછી આ પવિત્ર તીર્થમાં કથા કરાવવાનો મારો મનોરથ પૂર્ણ થાય છે એનો મને ખૂબ આનંદ છે."

હજી કોરોના સંપૂર્ણ રીતે નાબૂદ થયો નથી. તેથી સીમિત શ્રોતાઓ માટે જ અહીં વ્યવસ્થા કરી છે. આમંત્રણ વિના કોઈપણ શ્રાવકે પધારવું નહીં, એવી આયોજકે સહુને વિનંતી કરીછે. તલગાજરડી વૈશ્વિક વ્યાસપીઠનાશ્રોતાઓ ટીવી અને યુટ્યુબનામાધ્યમથી કથાનો શ્રવણ લાભ પ્રાપ્ત કરવા આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

વડીલ-બુઝૂર્ગ મતદારો મતદાનથી વિમુખ રહેતા સશક્ત મતદારોને મતદાન માટે ચીંધે છે પ્રેરક રાહ

# નર્મદા જિલ્લાની મતદાર યાદીમાં આશરે ૧૦૫ જેટલા શતાયુ મતદારો અને તેથી વધુ વયના મતદારો નોંધાયા



રાજપીપલા,તા ૨૫

ભૂતકાળની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં મતદાનની ટકાવારીમા સમગ્ર ગુજરાતમા નર્મદા જિલ્લો મોખરે રહ્યો છે. આ જિલ્લામાં શતાયુ અને તેથી વધુ વયના જાગૃત મતદારો અને દિવ્યાંગ મતદારોની મતદાન માટેની તત્પરતા અને જાગૃત્તિને લીધે નર્મદા જિલ્લાની મતદાનની ટકાવારીની વુધ્ધિમાં પણ વિશેષ યોગદાન રહ્યું છે, ત્યારે આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી-૨૦૨૧ ના રોજ યોજાનારી નર્મદા જિલ્લા પંચાયત, પાંચેય તાલુકા પંચાયત અને રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે નર્મદા જિલ્લાની મતદાર યાદીમાં આયખાની સદીએ પહોચેલાં અને તેથી પણ વધુ વયની જિંદગીનું અણનમ બેટીંગ કરતાં આશરે ૧૦૫ જેટલા વડીલ-બુઝૂર્ગ મતદારો નોંધાયા હોવાની જાણકારી જિલ્લા ચૂંટણીતંત્ર તરફથી પ્રાપ્ત થઇ છે.ઉલ્લેખનીય છે કે, બા-દાદા મતદારોની આ વડીલજન સુચિમાં દેદીયાપાડા તાલુકાના સોલીયા ગામના ૧૧૫ વર્ષની વયના દાદીમાં ચંપાબેન પારસીંગભાઇ વસાવા મોખરે છે. આમ, આ શતકવીર મતદારો પણ નર્મદા જિલ્લાની મતદાર યાદી શોભાવી રહયાં છે.

આ બા-દાદા સમાન મતદારોની આદરભરી કાળજી લેવાનો અને જે તે વિસ્તારના BLO ના માધ્યમથી આવા મતદારોને મતદાન માટે જરૂરી સહાયરૂપ થકી તેમનું મતદાન સુવિધાપૂર્ણ બનાવી જિલ્લામાં મહત્તમ મતદાન માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી ડી.એ.શાહના દિશા-નિર્દેશથી જિલ્લા ચૂંટણીતંત્રએ સંકલ્પ કર્યો છે. આમ, જિલ્લાના વડીલ મતદારોની આ દરકાર થકી જિલ્લા ચૂંટણીતંત્ર યુવા મતદારોને તેમનાં નામ મતદાર યાદીમા નોંધાવવામાં આળસ ન કરવાની સાથે વડીલજનોનાં સામાજિક સન્માનનો સંદેશો પણ આપશે. નર્મદા જિલ્લા ચૂંટણીતત્ર દ્વારા મતદાર યાદીની અદ્યતનીકરણની થયેલી કામગીરી સંદર્ભે તા.૦૧/૦૧/૨૦૨૧ ની સ્થિતી મુજબ જિલ્લાની મતદાર યાદીમા નોંધાયેલા આશરે-૧૦૫ જેટલા આ શતાયુ મતદારોમાં રાજપીપલા શહેરમાં-૦૮, નાંદોદમાં-૧૪, ગરૂડેશ્વરમાં-૧૪, તિલકવાડામાં-૦૬, દેડિયાપાડામાં-૪૫. અને સાગબારા તાલુકામાં-૧૮ જેટલા મતદારોની નોંધણીનો સમાવેશ થાય છે. જિલ્લામાં આયખાની સદીએ પહોંચેલા અને તેથી પણ વધુ વયની જિંદગીનું અણનમ બેટીંગ કરતા વડીલ-બુઝુર્ગ મતદારોની વિગતો જોઇએ તો, ૧૦૦ વર્ષની વયના-૪૩, ૧૦૧ વર્ષની વયના-૧૭, ૧૦૨ વર્ષની વયના-૦૯, ૧૦૩ વર્ષની વયના-૦૫, ૧૦૪ વર્ષની વયના-૦૫, ૧૦૫ વર્ષની વયના-૧૧, ૧૦૬ વર્ષની વયના-૦૩, ૧૦૭ વર્ષની વયના-૦૩, ૧૦૮ વર્ષની વયના-૦૧, ૧૧૦ વર્ષની વયના-૦૩, ૧૧૨ વર્ષની વયના-૦૧, ૧૧૩ વર્ષની વયના-૦૧, ૧૧૪ વર્ષની વયના-૦૨ અને ૧૧૫ વર્ષની વયના-૦૧ મતદાર જિલ્લાની મતદારયાદીમાં નોંધાયેલ છે.

જિલ્લાનાં આ ૧૦૫ શતાયુ મતદાર યાદીના આ શતકવીર વડીલજનોમાં ૫૬ મહિલાઓ અને ૪૯ પુરુષો છે જેનાથી એવો સંદેશો મળે છે કે, સમાજમાં માતૃ શક્તિની યોગ્ય કાળજી લેવામા આવે તો "મા" ની મમતા એકથી વધુ પેઢીઓ માણી શકે છે. નાંદોદ તાલુકાના રસેલાના વતની ૧૦૨ વર્ષીય મણીબેન ગેમલસિંહ જાદવ કહે છે કે, તેમના પુત્રની સહાયથી દર વખતે અચૂક મતદાન કરવા જાય છે. જયારે ગરૂડેશ્વર તાલુકાના ગુલવાણી ગામના ૧૦૩ વર્ષીય લાડકીબેન નાગજીભાઇ તડવી કહે છે કે, દેશની આઝાદી બાદ ૧૯૫૧-૫૨ થી આજદિન સુધી યોજાયેલી ગ્રામપંચાયતથી લઈને વિધાનસભા-લોકસભાની તમામ ચૂંટણીઓમાં અચૂક મતદાન કર્યુ છે.

દેડીયાપાડા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં ગુલ્દાચામ ગામના વતની રહેતા ૧૧૪ વર્ષીય સુકલીબેન નવલભાઇ વસાવા તેમનાં નબળાં સ્વાસ્થ્યને લીધે સરળતાથી બોલી શકતા નથી પરતું તેમના દિકરાની વહુ કપિલાબેન વસાવા જણાવે છે કે, તેમની સાસુમાએ દરેક ચૂંટણીઓમાં મતદાન તો કર્યું જ છે, પણ તેની સાથોસાથ અમારા સમગ્ર પરિવાર દ્વારા અચૂક મતદાન થાય તેની પણ હરહંમેશ તેમણે કાળજી રાખી છે. તેવી જ રીતે ગાજરગોટા ગામના ૧૦૭ વર્ષીય વડીલ ડુંગરીયાભાઇ પાંચીયાભાઇ વસાવા કહે છે કે, મતદાનના મહાપર્વમાં તેમની મોટી ઉંમર હોવા છતાં પણ મતદાન કરવાનું તેઓ ક્યારેય ચૂક્યા નથી. આમ, વિશ્વની સૌથી મોટી ભારતદેશની લોકશાહીના જતન અને સંવર્ધન માટે જિલ્લાના આ શતાયુ મતદારોની સાથોસાથ પોતાના આયખાના નવ દશકા વટાવીને શતાયુની આરે લગોલગ પહોચેલાં અન્ય વડીલ, બુઝુર્ગ મતદારો આ વખતની ચૂંટણીમાં પણ મતદાન માટે પૂરી તત્પરતા સાથે સંકલ્પબધ્ધ બન્યા છે, ત્યારે મતાધિકાર ધરાવતા પ્રત્યેક મતદારને તેમના મતાધિકારનો અચૂક ઉપયોગ કરીને મતદાનની પવિત્ર ફરજ અદા કરવાનું લોકશાહીના આ સૈનિકોએ આહવાન કર્યુ છે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

મોડાસા-બાયડમાં ઉમેદવારો ખરીદ-વેચાણમાં લાગ્યા

# અરવલ્લી : સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય પક્ષોનો પ્રચાર-પ્રસાર તેજ બનાવાયો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ચૂંટણીના પડઘમ ચોટીએ પહોંચ્યા છે ત્યારે રાજકીય પક્ષો નવા-નવા પેંતરા શોધીને મતો અંકે કરવાની તજવીજમાં લાગ્યા છે. ઓનલાઈન-ઓફલાઈન માધ્યમો પર તો પ્રચાર-પ્રસાર જોરશોરમાં જામ્યો જ છે, તેમાં હવે સીધા અને આડકતરા પેંતરા પણ ઉમેરાયા છે.મોડાસા અને બાયડ નગરપાલિકામાં મતદારોને રીઝવવા ઉમેદવારએ નાણાંની કોથળી ખુલ્લી મૂકી દીધી છે રાજકારણની પ્રયોગ શાળા ગણાતા બાયડમાં નગરપાલિકાની ચૂંટણીમાં ૧ મતની કિંમત ૨૫૦૦ થી ૫ હજાર સુધી પહોંચી હોવાનું રાજકીય સૂત્રો પાસેથી માહીતી પ્રાપ્ત થઇ હતી અરવલ્લી જિલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત,મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીના પ્રચારના અંતિમદિવસોમાં પ્રચાર-પ્રસાર ચરમસીમાએ પહોંચ્યો છે અમુક ઉમેદવારોએ નજીક-દૂરના સગાંવહાલા અને ટેકેદારોને મેદાને ઊતારી લોકોમાં પોતાના નામની વાહવાહી કરાવવાના પ્રયત્નો માંડયા છે તો અમુક ઉમેદવારોએ વિસ્તાર પ્રમાણે માણસો મૂકાવીને પોતાના નામની ચર્ચાઓ જગાવી છે. સોસાયટીઓમાં બેઠકો યોજીને નવા ઉમેદવારોના પરિચય આપવાના કાર્યક્રમો પણ જોવા મળી રહ્યા છે તો ક્યાંક વળી સ્થાનિક આગેવાનોનો હાથ ઝાલીને વર્તમાન ઉમેદવારો લોકોને રીઝવતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ઠેરઠેર બાઈક રેલી અને ચૂંટણી સભાઓ દ્વારા લોકોના મનમાં પોતાના પક્ષનું નિશાન અને ઉમેદવારનું નામ ઠસાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં હાલ બધા રાજકીય પક્ષ અને અપક્ષો વિજય મેળવવા ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે રાજકીય પક્ષ ખરીદ વેચાણ સંઘ ખોલ્યો હોય તેમ મતદારોને મત પ્રમાણે ખાસ્સી એવી રકમ અને વાયદાઓનું પોટલું ખોલી દીધું છે સોસાયટી વિસ્તારમાં વિસ્તારમાં વર્ચસ્વ ધરાવતા યુવાનોને તેમની તરફે કરવા નાણાંની પોટલીઓ ખુલ્લી મૂકી દીધી છે

રાજપીપળા સંતોષ ચોકડી પાસે

# બોલેરો પીકપ ગાડી સાથે પ્રોહિબિશનના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી એલસીબી નર્મદા

રાજપીપળા, તા. ૨૫



રાજપીપળા સંતોષ ચોકડી પાસે બોલેરો પીકપ ગાડી માંથી ઈંગ્લિશ દારૂ ના કવાટરીયા નંગ.૩૭૦ કિં.રૂ.૩૭૦૦૦/- તથા મોબાઈલ નંગ-૨ કિં. રૂ. ૫૫૦૦ /- તથા બોલેરો પીકપ ગાડી કિં.રૂ.૩૦૦૦૦૦/- મળી કુલ કિ. રૂ. ૩૪૨૫૦૦/-નો મુદ્દામાલ સાથે આરોપીને એલસીબી નર્મદા પોલીસે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની સુચના મુજબ જિલ્લામાંથી દારૂના દુષણને ડામવા તેમજ અસરકારક કામગીરી કરવા માટેની કડક નિદર્શનો અને સૂચનાના પગલે એમ પટેલ પોલીસ ઇન્સ્પેક્ટર એલસીબી દ્વારા એલસીબી સ્ટાફના પોલીસ માણસોને જિલ્લામાં દારૂની હેરાફેરી તથા ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતાં ઇસમોમાં ઉપર વોચ રાખતાં જણાવતા પોલીસને બાતમી મળેલ કે એક સફેદ કલરની બોલેરો પીકપ ગાડી નંબર જીજે ૨૨ યુ ૨૫૯૬ મા ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરી ભણાદ્રા તરફ થી રાજપીપળા તરફ આવવા નીકળેલ છે.જે બાતમીને આધારે વાહનની વોચમાં વડીયા જકાતનાકા પાસે નાકાબંધી કરી હતી. તે દરમિયાન બોલેરો પીકપ ગાડી ભણાદ્રા તરફથી આવતાં તેને ઉભી રાખવાનો હાથથી ઈશારો કરતાં ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી નહી. અને રાજપીપળા ટાઉન તરફથી ભગાવવા લાગેલ. જેથી તેનો પીછો કરતા બોલેરો પીકપ ગાડી ને સંતોષ ચોકડી પાસે ઝડપી પાડેલ. અને ગાડીની ઝડતી તપાસ કરતા ઈંગ્લીશ દારૂ ના કવાટરીયા નંગ.૩૭૦ કિં.રૂ.૩૭૦૦૦/- તથા મોબાઈલ નંગ-૨ કિં. રૂ. ૫૫૦૦ /- તથા બોલેરો પીકપ ગાડી ૧ કિં.રૂ.૩૦૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી વિજયભાઈ માનસિંગભાઈ વસાવા(રહે,ધીરખાડી ખાપર ફળિયું,ગરુડેશ્વર) ને પકડી પાડી ગુનાના કામે વિદેશી દારૂ ભરાવનાર તથા મંગાવનાર અન્ય આરોપીઓ સામસીંગ,ગુરુજીભાઈ બને (રહે, નીચલી માથાસર, દેડીયાપાડા),શીવાભાઈ શનુભાઈ વસાવા (રહે,મોતીબાગ,નાંદોદ) શૈલેષભાઈ ઉતરીયાભાઈ વસાવા (રહે, ધીરખાડી, ખાપર ફળિયા,ગરુડેશ્વર )નાઓને વોન્ટેડ જાહેર કરી વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી રાજપીપળા પોલીસમાં રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ આરોપી વિજયભાઈ માનસિંગભાઈ વસાવા(રહે,ધીરખાડી ખાપર ફળિયું,ગરુડેશ્વર) આની ઘરને ઝડતી તપાસ કરતાં ઈંગ્લિશ દારૂ ના ક્વાટરીયા ૯૬ કિં. રૂ. ૯૬૦૦ /- તથા દેશી દારૂ લી. ૩૦ કિં. રૂ.૬૦૦/- ના મળી કુલ કિં. રૂ.૧૦૨૦૦/- ના મુદ્દામાલ સાથે ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

રિપોર્ટઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# જરૂરિયાતમંદ ૭૦ પરિવારોને ઘર-વખરીનો સમાન આપી,પોતાના જન્મદિવસની ટાઈગર ગ્રુપે ઉજવણી કરી



રાજપીપળા, તા ૨૫

જન્મદિવસની ઉજવણીતો કળયુગમાં લોકો માત્ર મનોરંજન માટે જ કરતા હોય છે પરંતુ ટાયગર ગ્રુપ દ્વારા લગભગ છેલ્લા ૨ વર્ષથી યુવાનોને એક સૂત્રમાં બાંધવાનો પ્રયાસ કરતા રહે છે. જેમાં યુવાનો જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી થાય તે હેતુથી ટાયગર ગ્રુપના યુવાનોના આદર્શ પંકજભાઈ માછી પોતાના જન્મદિવસ નિમિત્તે ડેડિયાપાડા તાલુકાનું શહદા(ડોકટી)ગામ જે કરજણ ડેમની પાછળ પાણીમાં ડૂબાણમાં આવેલ એક ગામ છે જ્યાં આઝાદીથી આજદિન સુધી લાઈટ,રસ્તો કે અન્ય કોઈસરકારી સુવિધાઓ ઉપલબ્ધ થયેલ નથી. તેવી જગ્યા એ જરૂરિયાતમંદ ૭૦ પરિવારોને ઘર-વખરીનો સમાન આપી પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી. સહદા (ડોકટી) એક નર્મદા જિલ્લાનું એવું ગામ છે. જ્યાં આવવા જવા માટે કોઈ માર્ગ નથી. માત્ર નાવડી નો એક માર્ગ છે.ત્યાં નથી કોઈ સ્કુલ ની સુવિધા કેત્યાં ના લોકો પાસે રોજગાર પણ નથી માત્ર માછલી મારીને જીવન ગુજારેછે આવા અંતરિયાળ વિસ્તારનો વિકાસ હજી બાકી છે. તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર-૮ માં ભાજપ ઉમેદવાર દ્વારા ડોર ટુ ડોર પ્રચાર ઝૂંબેશ વેગવંતો બન્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પાલિકાના વોર્ડ નંબર ૮માં ભાજપ પેનલનો વિજય થાય એવા ભણકારા સંભળાઈ રહ્યા વોર્ડ નંબર ૮ માં ભાજપ દ્વારા યુવા ઉમેદવાર કૌશલ જોશી તેમજ અગાઉ ટર્મ માં નગર સેવક રહી નગરજનો ની સેવા માં હર હંમેશા હાજર રહેતા અતુલભાઈ ચોકસી ના ધર્મપત્ની શિલ્પાબેન ચોકસી,દિપકભાઈ પટેલ, સુનિતા બેન પટેલ ને ઉમેદવાર બનાવતા જ ભારતીય જનતા પાર્ટી વિજય ના દરવાજા ખોલી દીધા હતા વોર્ડ નંબર ૮ ના મતવિસ્તારમાં ભાજપ નો પ્રચાર તેની ચરમસીમાએ પહોંચ્યો છે આજ વોર્ડમાં ભારે લોકપ્રિયતા ધરાવતા ભાજપના સક્રિય અગ્રણી અમૃતભાઈ દાઢીની લોકચાહના અને તેમના નાના-મોટા મતદાર સાથેના સીધા સંપર્ક ને લઈ તેનો ફાયદો સીધો ભાજપને થશે ત્યારે આ વિસ્તારના અગાઉ નગર સેવક તરીકે લોકોના કામો અને ભારતીય વિચારધારાને વરેલા નગરસેવક અતુલ ચોકસીની લોકચાહના પર ભાજપની પેનલને વિજયી બનાવવા ઉપયોગી બનશે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો અને તેમના સમર્થકો અને ભાજપના કાર્યકરો અગ્રણી નેતાઓ સાથે તનતોડ મહેનત ડોર ટુ ડોર લોક સંપર્ક કરી પાલનપુર નગરપાલિકાના ભવ્ય વિજય મેળવી મક્કમ મજબૂત ભાજપ બનાવવા વિજય તરફ આગેકૂચ કરી રહ્યા છે વોર્ડ નંબર ૮માં ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી થઇ છે તેમાં વોર્ડ નંબર ૮માં ગત ટર્મ નગરસેવક અતુલભાઇ ચોકસીના ધર્મપત્નિ શિલ્પાબેન ચોકસી અને નગર સેવક અમૃત દાઢી ના પુત્ર કૌશલ જોશીને પસંદગીના કારણે ભારતીય જનતા પાર્ટી માટે જીત આસાન થઇ છે અતુલભાઇ ચોકસીના સેવાકીય કામો ની છાપ ભાજપની જીત માટે મક્કમ પરિબળ સાબિત થશે વોર્ડ નંબર ૮માં ભાજપના કાર્યકરોને જબરજસ્ત સમર્થન મળી રહ્યું છે.

મોડાસાના ખલીકપુર ગામે જમીન પચાવી પાડનાર સામે ગુન્હો નોંધાયો

# અરવલ્લીમાં સૌપ્રથમ વાર લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુન્હો નોંધાતા ભૂમાફિયાઓમાં ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકારે તાજેતરમાં ખોટી રીતે જમીન પચાવી પાડનાર લોકોની શાન ઠેકાણે તથા ગરીબ ખાતેદારોને ન્યાય મળે તે માટે ગુજરાતમાં લેન્ડ ગ્રેબીંગનો કાયદો અમલી બનાવ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેરને અડીને આવેલ ખલીકપુર ગામે ખેડૂતને વેચાણ કરેલ જમીન પર લોકડાઉનનો ફાયદો ઉઠાવી મૂળ માલિકમાંથી એક શખ્સે ગેરકાયદેસર કબ્જો જમાવી વાવેતર કરતા જમીન માલિક કહેવા જતા ઉશ્કેરાઈ જાનથી મારી નાખવાની ધમકી આપતાં જમીન માલિક ફફડી ઉઠતા લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ જીલ્લા કલેક્ટર કચેરીમાં અરજી કરતા તપાસમાં ખેડૂતને વેચાણ કરેલ જમીન પર મુળ માલિકમાંથી એક શખ્શે ગેરકાયદેસર કબ્જે કર્યું હોવાનું બહાર આવતા જીલ્લા કલેકટરે ટાઉન પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુન્હો નોંધવા આદેશ આપતા જમીન માલિકે ખાલીકપુરના વિનોદ વાઘા ભાઈ ખાંટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જીલ્લામાં સૌપ્રથમ વાર નવા કાયદા વિરુદ્ધ ફરિયાદ નોંધાતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે

મોડાસાની ગાયત્રી સોસાયટીમાં પ્રજ્ઞાબેન ઉપાધ્યાયે મોડાસા નજીક આવેલા ખલીકપુર ગામે ૧૧ વર્ષ અગાઉ ખેડૂત પાસેથી જમીન ખરીદી કરી હતી અને જમીન ફરતે આરસીસી કોટ કરી ખેતરમાં ઓરડી બનાવી મૂકી રાખી હતી કોરોના સંક્રમણના પગલે લોકડાઉન આવતા ખેતર માલિક ખેતરમાં જવાનું બંધ કરતા ખેતરમાં મૂળ માલિકોમાંથી વિનોદ વાઘભાઈ ખાંટ નામના શખ્સે ખેતરમાં રહેલી ઓરડી તોડી નાખી ખેતરમાં ગેરકાયદેસર કબ્જો જમાવી દઈ ખેતરમાં ઘઉંનું વાવેતર કરી દીધું હોવાની પ્રજ્ઞા બહેનને જાણ થતા જમીન પર પહોંચતા વિનોદ ખાંટે જમીનમાં પ્રવેશ કરશો તો જાનથી મારી નાખીશ અને બીભત્સ ગાળો બોલતા પ્રજ્ઞાબેન અને તેમનો પરિવાર ફફડી ઉઠ્યો હતો અને રાજય સરકારે અમલી કરેલ લેન્ડ ગ્રેમ્બીન્ગ એક્ટ હેઠળ અરજી કરતા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા હતા તપાસના અંતે ગેરકાયદેસર જમીન પર કબ્જો જમાવી દેનાર શખ્શ વિરુદ્ધ ગુન્હો નોંધવા ટાઉન પોલીસને તાકીદ કરી હતી

મોડાસા ટાઉન પોલીસે પ્રજ્ઞાબેન ઉપધ્યાયની ફરિયાદના આધારે વિનોદભાઈ વાઘાભાઈ ખાંટ વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# માણાવદરમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

નાયબ પોલીસ મહાનીરીક્ષક મનીંદર પ્રતાપસિંહ પવાર જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે. બી. ગઢવી ની સુચના મુજબ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા માણાવદર પોલીસ સ્ટેશન પીએસઆઇ પી.વી.ધોકડીયા એ પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપતામાણાવદર પોલીસ સ્ટેશનના પો. કોન્સ વિક્રમભાઇ મનસુખભાઇ પરમાર પો.કોન્સ.વિપુલભાઈ રમેશભાઇ ગોહિલ, પો.કોન્સ. રવિન્દ્રભાઇ હમીરભાઇ વાંક, પો.કોન્સ. રવિભાઇ ખીમાભાઇ ધુળા સહિતના માણસોની ટીમ દ્વારા માણાવદરના સ્ટેશન પ્લોટ વિસ્તારમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે રોન પોલીસ નો જુગાર રમતા વનરાજ ચુડાસમા, કમલેશ કોટેચા, રાકેશ સોલંકી ને રોકડ રૂ.૪૯૭૫ ના મુદ્દામાલ સાથે ઝડપી લઇને તેમની સામે જુગાર ધારા કલમ બાર મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

રાજપીપળા પાલિકા ચૂંટણી નો અવનવું

# ચૂંટણી મેદાનમાં દંપતી, પુત્ર-પુત્રી,ભાઈબેન કાકા ભત્રીજી,ભત્રીજો,ચૂંટણી લડી રહ્યા છે

રાજપીપળા,તા.૨૫

રાજપીપળા નગરપાલિકા ચૂંટણી તે હવે માંડ ત્રણ દિવસ બાકી રહ્યા છે. ત્યારે ઉમેદવારો પોતાનો પ્રચાર કરી મતદારોને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે.જેમાં સૌથી વધુ અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે .રાજપીપળા પાલિકાની આ વખતની ચૂંટણીમાં પતિ-પત્નીના ત્રણ જોડા, કાકા-ભત્રીજી-ભત્રીજો, ભાઈ-બહેન ચૂંટણી મેદાનમાં છે. બીજી તરફ પાલિકા પૂર્વ પ્રમુખ અપક્ષ તો એમની, પત્ની, ભાઈ અને ભત્રીજાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. રાજપીપળા પાલિકા વોર્ડ ૭માંથી પતિ પત્ની નીલેશસિંહ આટોદરિયા અને મીનાક્ષીબેન જનહિત રક્ષક પેનલમાંથી ચૂંટણી લડી રહ્યા છે .જ્યારે વોર્ડ ૩માંથી પતિ ભરતભાઈ માધુભાઈ વસાવાએ અપક્ષ અને પત્ની ભારતીબેન વસાવાએ વોર્ડ ૭ માંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઊભા છે. ઓ સંજયભાઈ માછી અને કવિતાબેન માછી દંપતી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે .બીજી બાજુ એમની પુત્રી રિયાબેન ભરતભાઈ વસાવા, ભાઈ સુરેશ વસાવા અને ભત્રીજા સુનિલ ભંગાભાઈ વસાવાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. રાજપીપળા પાલિકા વોર્ડ ૫માંથી મૂંતઝીરખાન શેખે કોંગ્રેસમાંથી જ્યારે બીજાભાઈ મોઈન શેખે વોર્ડ ૩માંથી અપક્ષ ઉમેદવારી અને બેન ફરીદાબાનુ શેખે વોર્ડ ૧માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. તો બીજી તરફ આ વખતે રાજપૂત પરિવારની ત્રીજી પેઢી ચૂંટણી લડી રહી છે.ભૂતકાળમાં ડો. જે.સી.ગોહિલ પછી એમના પુત્ર સ્વ.અલકેશસિંહ ગોહિલ અને હવે એમનો પુત્ર કુલદીપસિંહ ગોહિલ વોર્ડ ૬ માંથી ભાજપના ઉમેદવાર બન્યા છે. રાજપીપળા પાલિકા ચૂંટણીમાં અપક્ષોનો રાફડો ફાટ્યો છે, વોર્ડ ૫ના અપક્ષ ઉમેદવાર વિજય રામી વન મેન આર્મીની જેમ એકલા જ પ્રચાર કરી રહ્યા છે. તેઓએ જનતાને અનેક વચનો પણ આપ્યા છે એમાં એક વચન એવું પણ આપ્યું છે કે, જો હું ચૂંટાઈને આવીશ તો ચૂંટાયેલા મહિલા કોર્પોરેટરના પતિ દેવોને બોર્ડ મિટિંગમાં હાજર રાખવામાં નહીં આવે. જો આ વખતે ભાજપને સ્પષ્ટ બહુમતી મળે તો રાજપીપળા પાલિકાના પૂર્વ પ્રમુખ અલકેશસિંહ ગોહિલના પુત્ર કુલદીપસિંહ ગોહિલને પ્રમુખ બનાવશે એવા ચોક્કસ એંધાણ વર્તાઈ રહ્યા છે,તો બીજી તરફ જો જનહીત રક્ષક પેનલને સ્પષ્ટ બહુમતી મળે તો નિલેશસિંહ આટોદરિયા પ્રમુખ તરીકેના દાવેદાર છે, તો બીજી બાજુ કોંગ્રેસે આ વખતે ૧૨ ઉમેદવારો ઉતર્યા છે. બીજા વોર્ડમાં અપક્ષો સાથે એમનું ખાનગી ગઠબંધન છે તો કોંગ્રેસ માંથી ભરત વસાવા પ્રમુખ પદના દાવેદાર છે,આમ હવે મતદાર કોના પર પસંદગીનો કળશ ઢોળે છે એ તો હવે મતદાર જ નક્કી કરશે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK